સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 33

[AUGUST - 2020]
[09/08/20 to 15/08/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 8

01 TO 15 AUG - 2020

ICE®

Click Here To
DOWNLOAD


## CURRENT TOPICS

- જમ્મુ કાશ્મીરના નવા લેફ્ટેનન્ટ ગવર્નર તરીકે શ્રી મનોજ સિંહાની નિમણૂક
- જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટેનન્ટ ગર્વનર શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂની ભારતના નવા CAG તરીકે નિમણૂક
- ભારતમાં સોનાનાં ઘરેણાંની કિંમતના 90 ટકા લોન આપવા RBIની મંજૂરી
- દિલ્હીના રાજઘાટ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન
- કુદરતી આપત્તિની સ્થિતિમાં ખેડૂતોને આર્થિક સહાય આપવા ગુજરાતમાં 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' ની જાહેરાત
- ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ શાયર શ્રી રાહત ઈન્દોરીનું નિધન


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**9 AUGUST, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 9 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day)

આદિવાસી લોકોના હકોના સંરક્ષણ અને તેને વાચા આપવા માટે સમગ્ર વિશ્વમાં **9 ઓગસ્ટ**ને **'વિશ્વ આદિવાસી દિવસ'** તરીકે ઉજવવામાં આવે છે.

- 'વિશ્વ આદિવાસી દિવસ'ને **'વિશ્વના સ્વદેશી લોકોના આંતરરાષ્ટ્રીય દિવસ' (International Day of the World's Indigenous Peoples)** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- **23 ડિસેમ્બર, 1994**ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિન' તરીકે ઉજવવાનું નક્કી થયું હતું.
- આ અગાઉ 1990માં યુનાઈટેડ નેશન્સની મહાસભા દ્વારા **1993**ના વર્ષને **'આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ'** જાહેર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા **(1) વર્ષ 1995 થી 2004** અને **(2) વર્ષ 2005 થી 2014** દરમિયાન આદિવાસી લોકો માટેના બે દશકાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## વિશ્વ આદિવાસી દિવસ 2020ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી **વર્ષ 2020**ની વિશ્વ આદિવાસી દિવસની થીમ : **'COVID-19 અને સ્વદેશી લોકોની સ્થિતિસ્થાપકતા' (COVID-19 and Indigenous Peoples' Resilence)** છે.


## ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

9 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતમાં **અંબાજીથી ઉમરગામ** સુધીના આદિજાતિ વનબંધુ પટ્ટીના **14 જિલ્લા**ના **28 સ્થળો**એ આ દિવસની વિકાસ પર્વ તરીકે ઉજવણી કરવામાં આવી હતી.

- આ ઉપરાંત આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **ગાંધીનગર** ખાતેથી વીડિયો કોન્ફરન્સની મદદથી બનાસકાંઠા જિલ્લાના **દાંતા**, સાબરકાંઠાના **ખેડબ્રહ્મા**, અરવલ્લીના **શામળાજી**, નર્મદાના **ડેડીયાપાડા** તથા પંચમહાલ જિલ્લાના **ઘોઘંબા** તાલુકામાં કુલ રૂ. 71 કરોડના ખર્ચે નિર્માણ પામેલા મોડેલ સ્કૂલ, કન્યા છાત્રાલય, એકલવ્ય રેસિડેન્સીયલ શાળા સંકુલ અને સ્પોર્ટ્સ સંકુલના ઈ–લોકાર્પણ કર્યા હતા.
- તેમજ ગુજરાતના છોટાઉદેપુર જિલ્લાના **નસવાડી અને બોડેલી** તથા સાબરકાંઠા જિલ્લાના **પોશીના**માં કુલ રૂ. 65 કરોડના ખર્ચે નિર્માણ થનારા શાળા–નિવાસી સંકુલનું ઈ–ભૂમિપૂજન પણ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ જમ્મુ કાશ્મીરના નવા લેફ્ટેનન્ટ ગવર્નર તરીકે શ્રી મનોજ સિંહાની નિમણૂક



ભારતમાં નવ રચિત કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**ના નવા લેફ્ટેનન્ટ ગવર્નર અથવા તો નવા ઉપરાજ્યપાલ તરીકે **શ્રી મનોજ સિંહા**ની નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત જમ્મુ કાશ્મીર હાઈકોર્ટના મહિલા ચીફ જસ્ટિસ **સુશ્રી ગીતા મિત્તલે** શ્રી મનોજ સિંહાને જમ્મુ કાશ્મીરના નવા ઉપરાજ્યપાલ તરીકેના **શપથ** અપાવ્યા છે.
- આ સાથે જ શ્રી મનોજ સિંહા કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના **બીજા** ઉપરાજ્યપાલ બની ગયા છે.
- આ અગાઉ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના **પ્રથમ** ઉપરાજ્યપાલ તરીકે **શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂની** નિમણૂક કરવામાં આવી હતી.

- 5 ઓગસ્ટ 2020ના રોજ **શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂના** રાજીનામા બાદ તેમના સ્થાને જમ્મુ કાશ્મીરના નવા લેફ્ટેનન્ટ ગવર્નર તરીકે **શ્રી મનોજ સિંહા**ની નિમણૂક કરવામાં આવી છે.

## શ્રી મનોજ સિંહા

શ્રી મનોજ સિંહા ભારતીય જનતા પાર્ટીના **ઉત્તરપ્રદેશ**ના દિગ્ગજ નેતા છે.

- ઉત્તરપ્રદેશની ગાઝિપુર લોકસભા બેઠક પરથી સાંસદ રહેલા શ્રી મનોજ સિંહા કેન્દ્ર સરકારના **રાજ્ય કક્ષાના પૂર્વ રેલવે મંત્રી** તથા **રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો સંભાળતા પૂર્વ સંદેશાવ્યવહાર મંત્રી** છે.
- ઉત્તરપ્રદેશના **ગાઝિપુર** જિલ્લાના **મોહનપુરા**માં તેમનો જન્મ થયો હતો.

**નોંધ :** વર્ષ 2017માં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પદના દાવેદાર રહેલા શ્રી મનોજ સિંહાનો વર્ષ 2019માં **ગાઝિપુર** લોકસભા બેઠક પર પરાજય થયો હતો.

## ➢ જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટેનન્ટ ગર્વનર શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂની ભારતના નવા CAG તરીકે નિમણૂક

ભારતના નવા **CAG** અથવા તો નવા **Comptroller and Auditor General of India (ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક)** તરીકે **શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂની** નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત 8 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** ભારતના નવા CAG તરીકે શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂને **શપથ** અપાવ્યા છે.
- ભારતના નવા CAG તરીકે શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂનો કાર્યકાળ **20 નવેમ્બર 2024** સુધીનો રહેશે.
- ભારતના નવા CAG તરીકે શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂએ **શ્રી રાજીવ મહર્ષિનું** સ્થાન લીધું છે.
- શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ ભારતના **14મા CAG** બન્યા છે.

## શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ



શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ **1985**ની બેચના **ગુજરાત** કેડરના રિટાયર્ડ IAS ઓફિસર છે.

- ભારતના વર્તમાન વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂએ તેમના મુખ્ય સચિવ (Principal Secretary) તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેઓ ભારતના નવ રચિત કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**ના **પ્રથમ ઉપરાજ્યપાલ** હતા.
- 21 નવેમ્બર 1959ના રોજ **ઓડિશા**ના **મયુરભંજ** જિલ્લામાં તેમનો જન્મ થયો હતો.

## CAG અંગેની બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના ભાગ-5માં અનુચ્છેદ 148થી 151 અંતર્ગત CAGના પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતના CAG એ ભારત સરકાર તથા ભારતના તમામ રાજ્યોની સરકારોના તમામ પ્રકારના હિસાબનું ઓડિટ કરે છે.
- આ ઉપરાંત તેઓ સરકારી માલિકીની કંપનીઓનું પણ ઓડિટ કરે છે.

## CAGની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ 148(1) અનુસાર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા CAGની નિમણૂક કરવામાં આવે છે.

- અને ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે રીતે અને તે કારણે તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાય છે.

## CAGના શપથ

ભારતીય બંધારણના અનુચ્છેદ 148(2) અનુસાર ભારતના રાષ્ટ્રપતિ અથવા તો તેમણે તે અર્થે નીમેલી કોઈ વ્યકિત સમક્ષ CAGએ શપથ લેવાના હોય છે.

- તેમણે આ શપથ કે પ્રતિજ્ઞા ભારતીય બંધારણની ત્રીજી અનુસૂચિમાં આપેલા નમૂના અનુસાર લેવાના હોય છે.

## CAGનો કાર્યકાળ

ભારતીય બંધારણના અનુચ્છેદ 148(3) અનુસાર CAGનો પગાર અને સેવાની બીજી શરતો કાયદાથી સંસદ નક્કી કરે તે રહેશે.

- અને એ રીતે નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી ભારતીય બંધારણની બીજી અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.
- આ અંતર્ગત ભારતમાં CAGનો કાર્યકાળ 6 વર્ષ કે 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે હોય છે.
- અને CAGનો બેઝિક માસિક પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેટલો જ એટલે કે રૂ. 2,50,000 છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CAGની ફરજો અને સત્તા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 149** અંતર્ગત **CAGની ફરજો અને તેમની સત્તાઓ તથા કાર્યો** અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

## CAGના હિસાબોના નમૂના

ભારતીય બંધારણના **અનુચ્છેદ 150** અનુસાર ભારતમાં સંઘના તેમજ રાજ્યોના હિસાબો ભારતના CAGની સલાહથી રાષ્ટ્રપતિ નક્કી કરે તેવા નમૂનામાં રાખવામાં આવે છે.

## CAGના ઓડિટ રિપોર્ટ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 151(1)** અનુસાર CAG **સંઘના એટલે કે કેન્દ્રના હિસાબો** સંબંધી રિપોર્ટ **રાષ્ટ્રપતિ**ને સુપરત કરે છે. અને ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્વારા તેને **સંસદના બંને ગૃહો**માં રજૂ કરવામાં આવે છે.

- જ્યારે ભારતીય બંધારણના **અનુચ્છેદ 151(2)** અનુસાર CAG દ્વારા **રાજ્યના હિસાબો** સંબંધિત રિપોર્ટો રાજ્યના **રાજ્યપાલ**ને સુપરત કરવામાં આવે છે. અને ત્યારબાદ રાજ્યપાલ દ્વારા તેને રાજ્યના **વિધાનમંડળ** સમક્ષ રજૂ કરવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતમાં CAGનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.

(2) ભારતના CAGએ એક **સ્વતંત્ર સંસ્થા** તરીકે કાર્ય કરે છે. તેના પર સરકારનું કોઈ જ નિયંત્રણ હોતું નથી.

(3) ભારતમાં CAGને **જાહેર હિસાબ સમિતિ (Public Accounts Committee)**ના **'આંખ અને કાન'** તરીકે ઓળખવામાં આવે છે.

(4) ભારતમાં CAGએ **Indian Audit and Accounts Department**ના વડા હોય છે.

(5) ભારતીય બંધારણના **અનુચ્છેદ 148(1)** અનુસાર **ભારતના એક નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) રહેશે**. અને તેમની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા કરવામાં આવશે.

(6) ભારતના **પ્રથમ** CAG **શ્રી વી. નરહરિ રાવ** હતા. આ અગાઉ ભારતના **13મા** CAG **શ્રી રાજીવ મહર્ષિ** હતા. જ્યારે ભારતના વર્તમાન **14મા CAG શ્રી જી. સી. મુર્મૂ** અથવા તો **શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 7 ઓગસ્ટ (B) 8 ઓગસ્ટ (C) 9 ઓગસ્ટ (D) 10 ઓગસ્ટ **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ આદિવાસી દિવસ'ની થીમ શું છે ?
(A) COVID-19 અને સ્વદેશી લોકોની સહનશીલતા
(B) COVID-19 અને સ્વદેશી લોકોનું આરોગ્ય
(C) COVID-19 અને સ્વદેશી લોકોનું સ્વાસ્થ્ય
(D) COVID-19 અને સ્વદેશી લોકોની સ્થિતિસ્થાપકતા **(D)**

3. 9 ઓગસ્ટ 2020ને 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દાંતા, ખેડબ્રહ્મા, શામળાજી, ડેડીયાપાડા અને ઘોઘંબા તાલુકામાં રૂ. 71 કરોડના ખર્ચે નિર્માણ પામેલ મોડેલ સ્કૂલ, કન્યા છાત્રાલય વગેરેનું કયાંથી લોકાર્પણ કરાવ્યું હતું ?
(A) દાંતા (B) ખેડબ્રહ્મા (C) શામળાજી (D) ગાંધીનગર **(D)**

4. જમ્મુ કાશ્મીરના નવા ઉપરાજ્યપાલ અથવા તો નવા લેફ્ટેનન્ટ ગવર્નર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી રાજીવ મહર્ષિ (B) શ્રી મનોજ સિંહા
(C) શ્રી જી. સી. મુર્મૂ (D) શ્રી નરહરિ રાવ **(B)**

5. જમ્મુ કાશ્મીરના નવા ઉપરાજ્યપાલ તરીકે શ્રી મનોજ સિંહાની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી રાજીવ મહર્ષિ (B) શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ
(C) શ્રી નરહરિ રાવ (D) શ્રી વિવેક રોય **(B)**

6. જમ્મુ કાશ્મીરના નવા ઉપરાજ્યપાલ તરીકે શ્રી મનોજ સિંહાને શપથ કોણે અપાવ્યા છે ?
(A) સુશ્રી ગીતા જોહરી (B) સુશ્રી ગીતા વ્યાસ
(C) સુશ્રી ગીતા મિત્તલ (D) સુશ્રી ગીતા શર્મા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. શ્રી મનોજ સિંહાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તેઓ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના બીજા ઉપરાજ્યપાલ બન્યા છે.
2. તેઓ 1985ની બેચના ઉત્તરપ્રદેશ કેડરના રિટાયર્ડ IAS ઓફિસર છે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

8. ભારતના નવા CAG તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ (B) શ્રી રાજીવ મહર્ષિ
(C) શ્રી નરહરિ રાવ (D) શ્રી વિવેક રોય **(A)**

9. ભારતના નવા CAG તરીકે કોના સ્થાને શ્રી જી. સી. મુર્મૂની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રાજીવ મહર્ષિ (B) શ્રી નરહરિ રાવ
(C) શ્રી રાજીવ ઋષિ (D) શ્રી વિવેક રોય **(A)**

10. શ્રી ગિરીશ ચંદ્ર મુર્મૂ ભારતના કેટલામા નવા CAG બન્યા છે ?

(A) 12મા (B) 13મા (C) 14મા (D) 15મા **(C)**

11. ભારતના નવા CAG તરીકે શ્રી જી. સી. મુર્મૂને શપથ કોણે અપાવ્યા છે ?

(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) જસ્ટિસ શરદ બોબડે (D) સુશ્રી ગીતા મિત્તલ **(A)**

12. ભારતના નવા CAG તરીકે શ્રી જી. સી. મુર્મૂની તાજેતરમાં નિમણૂક કરવામાં આવી છે. શ્રી જી. સી. મુર્મૂના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તેઓ 1985ની બેચના ગુજરાત કેડરના રિટાર્યડ IAS ઓફિસર છે.
2. તેમનો જન્મ ઓડિશામાં થયો હતો.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

13. ભારતીય બંધારણના કયા ભાગમાં CAG અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ 3 (B) ભાગ 4 (C) ભાગ 5 (D) ભાગ 6 **(C)**

14. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત CAG અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 146 થી 150 (B) અનુચ્છેદ 147 થી 151
(C) અનુચ્છેદ 148 થી 151 (D) અનુચ્છેદ 148 થી 152 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિ દ્વારા CAGની નિમણૂક કરવામાં આવે છે ?

(A) અનુચ્છેદ 148(1) (B) અનુચ્છેદ 148(2)

(C) અનુચ્છેદ 148(3) (D) અનુચ્છેદ 148(4) **(A)**

16. ભારતમાં CAGનો કાર્યકાળ કેટલા વર્ષ સુધીનો હોય છે ?

(A) 5 વર્ષ કે 60 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે

(B) 5 વર્ષ કે 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે

(C) 6 વર્ષ કે 60 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે

(D) 6 વર્ષ કે 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 10 AUGUST, 2020 MONDAY

➤ **દિવસ મહિમા : 10 ઓગસ્ટ, (1) વિશ્વ જૈવ-ઈંધણ દિવસ (World Biofuel Day)**
**(2) વિશ્વ સિંહ દિવસ (World Lion Day)**

### વિશ્વ સિંહ દિવસ

સમગ્ર વિશ્વમાં **10 ઓગસ્ટ**નો દિવસ **'વિશ્વ સિંહ દિવસ'** તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા **10 ઓગસ્ટ, 2020**ના રોજ ગુજરાતમાં **'વિશ્વ સિંહ દિવસ'**ની ઉજવણી કરવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં આ પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ કેળવાય અને સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકોની ભાગીદારી વધે તે હેતુથી 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ **બિલાળીકુળનું સૌથી ઊંચું** અને **વાઘ પછીનું સૌથી મોટું** પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના **સૌરાષ્ટ્ર પ્રદેશ**માં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર **ગીરના જંગલોમાં** જ જોવા મળે છે.




**નોંધ :** હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ જોવા મળે છે :
(1) **ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં** અને
(2) **આફ્રિકામાં.**

## ➤ ભારતમાં સોનાનાં ઘરેણાંની કિંમતના 90 ટકા લોન આપવા RBIની મંજૂરી

ભારતમાં COVID-19ની મહામારી દરમિયાન નાણાભીડ અનુભવી રહેલા ઉદ્યોગો અને વ્યકિતઓ માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા કેટલીક મહત્ત્વની જાહેરાતો કરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં હવે ધિરાણકર્તાઓ **સોનાનાં ઘરેણાં**ની કિંમતના **90 ટકા** સુધીની **લોન** આપી શકશે.
- આ અગાઉ આ મર્યાદા **75 ટકા** સુધીની હતી.
- RBIના આ નિર્ણયથી લોકોને તેમના સોનાનાં દાગીના પર વધુ રૂપિયાની લોન મળશે.
- આ છૂટછાટ **31 માર્ચ 2021** સુધી ઉપલબ્ધ રહેશે.

### લોનને એક વખત રિસ્ટ્રકચર કરવાની પરવાનગી

આ ઉપરાંત ભારતમાં કોરોનાની મહામારીને કારણે આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા **પર્સનલ લોનધારકો** અને **ઔદ્યોગિક લોનધારકો**ને મોટી રાહત આપતા RBIએ તેમની લોનને **NPA** ગણ્યા સિવાય **એક વખત લોન રિસ્ટ્રકચર કરી આપવાની** પરવાનગી આપી છે.

- આ લોન કેવી રીતે રિસ્ટ્રકચર કરવી તેની ભલામણો કરવા માટે RBIએ ICICI બેન્કના પૂર્વ CEO **શ્રી કે. વી. કામથ**ની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે.
- આ સમિતિ રૂ. 1500 કરોડ અને તેથી વધુની લોન રિસ્ટ્રકચર કરવાના પ્રસ્તાવો પર પણ વિચારણા કરશે.

**નોંધ :** NPAનું પૂરું નામ Non Performing Asset છે.

### MSME ઉદ્યોગો માટે લોન રિસ્ટ્રકચર

ભારતમાં લોન ડિફોલ્ટનો સામનો કરી રહેલા MSME ઉદ્યોગો માટેની લોન રિસ્ટ્રકચરિંગની વ્યવસ્થા **1 જાન્યુઆરી 2020**થી અમલી છે.

- હવે RBIએ **1 માર્ચ 2020**ના રોજ જેમના લોનખાતાં **સ્ટાન્ડર્ડ તરીકે વર્ગીકૃત** કરાયા છે તેમની લોન પણ હાલના માળખા અંતર્ગત રિસ્ટ્રકચર કરી આપવામાં આવશે એવી જાહેરાત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ અંતર્ગત 1 માર્ચ 2020ના રોજ જેમની લોન રૂ. 25 કરોડ કે તેથી ઓછી હોય તેવા MSME ઉદ્યોગોને આ યોજનાનો લાભ મળશે.

**નોંધ :** MSMEનું પૂરું નામ Micro, Small and Medium Enterprises છે.

## MBFC અને હાઉસિંગ સેક્ટર માટે રૂ. 10,000 કરોડની ફાળવણી

ભારતમાં કોરોના સંકટને કારણે આર્થિક તંગીનો સામનો કરી રહેલી Non Banking Financial Company (NBFC)ઓ અને હાઉસિંગ સેક્ટરમાં લિકિવડિટી વધારવા માટે RBIએ રૂ. 10,000 કરોડ ફાળવવાની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત NABARD અને National Housing Bank બંનેને 5-5 હજાર કરોડ રૂપિયા ફાળવવાની RBIએ જાહેરાત કરી છે.

**નોંધ :** NABARDનું પૂરું નામ National Bank for Agriculture and Rural Development છે.

## 'પોઝિટીવ પે યોજના'ની જાહેરાત

ભારતમાં ચેક દ્વારા થતા પેમેન્ટની સુરક્ષા વધારવા માટે તેમજ ચેક દ્વારા થતી ગોલમાલ અટકાવવા માટે RBI દ્વારા 'પોઝિટીવ પે સિસ્ટમ' અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે.

- આ સિસ્ટમ અંતર્ગત રૂ. 50,000 કે તેથી વધુ રકમના તમામ ચેકનો સમાવેશ કરવામાં આવશે.
- જેમાં કોઈ વ્યકિતએ થર્ડ પાર્ટીને ચેક આપતા પહેલા એ ચેકની ડિટેઈલ અથવા તો તેનો ફોટો પોતાની બેન્કની મોબાઈલ એપ પર અપલોડ કરવાનો રહેશે.
- ત્યારબાદ તેની સાથે ક્રોસ ચેક કરીને બેન્ક કર્મચારી જે તે ચેકને મંજૂરી આપશે.

**નોંધ :** ભારતમાં સૌપ્રથમ વર્ષ 2016માં ICICI બેન્ક દ્વારા પોતાના ગ્રાહકો માટે આ 'Positive Pay' સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી હતી.



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતમાં કેરળના કોઝિકોડ ખાતે એર ઈન્ડિયાનું એક વિમાન રન વે પરથી લપસી જતાં 18 લોકોના મોત

7 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેરળના કોઝિકોડ પાસે એર ઈન્ડિયાનું એક વિમાન લેન્ડ થઈ રહયું હતું ત્યારે રન વે પરથી લપસી જતાં તે એક ખીણમાં ખાબકયું હતું.

- જેમાં આ વિમાનના બે ટુકડા થઈ ગયા હતા. અને આ દુર્ઘટનામાં 18 વ્યકિતઓના મોત થયા હતા.
- એર ઈન્ડિયાનું આ વિમાન બોઈંગ 737 (boeing 737) અથવા તો બોઈંગ 737-8HG પ્રકારનું હતું.

### કયા એરપોર્ટ પર આ દુર્ઘટના સર્જાઈ હતી ?

ભારતમાં કેરળના કાલિકટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આ દુર્ઘટના સર્જાઈ હતી.

- આ વિમાને યુનાઈટેડ આરબ અમિરાત (UAE) અથવા તો સંયુકત આરબ અમિરાતના દુબઈ ખાતેથી ઉડાન ભરી હતી.
- અને તે કાલિકટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ રહયું હતું ત્યારે 10 નંબરના ટેબલટોપ રન વે પર આ દુર્ઘટના સર્જાઈ હતી.
- ભારતમાં કેરળના માલાપ્પુરમ જિલ્લાના કોઝિકોડ પાસે આ એરપોર્ટ આવેલું છે.

**નોંધ :** (1) કેરળના કોઝિકોડ શહેરને કાલિકટ તરીકે પણ ઓળખવામાં આવે છે.
(2) કાલિકટ પાસેના કારિપુર ખાતે આ એરપોર્ટ આવેલું હોવાથી કાલિકટ ઈન્ટરનેશનલ એરપોર્ટને 'કારિપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### મૃતકોને સહાય

આ દુર્ઘટનાનો ભોગ બનેલા મૃતકોના પરિવારજનોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. 2 લાખની સહાય આપવાની જાહેરાત કરી હતી.

- જ્યારે કેરળ સરકારે તેમને રૂ. 5 લાખની સહાય આપવાની જાહેરાત કરી હતી.

**નોંધ :** ભારત સરકારના 'વંદે ભારત મિશન' અંતર્ગત વિદેશમાં ફસાયેલા ભારતીઓને દુબઈથી ભારત પરત લાવવામાં આવી રહયા હતા ત્યારે કોઝિકોડ પાસે આ દુર્ઘટના સર્જાઈ હતી.

ICE ? Questions

1. 'વિશ્વ જૈવ ઈંધણ દિવસ' અથવા તો 'World Biofuel Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 ઓગસ્ટ (B) 9 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 11 ઓગસ્ટ **(C)**

2. 'વિશ્વ સિંહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 ઓગસ્ટ (B) 9 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 11 ઓગસ્ટ **(C)**

3. કોરોના સંકટને કારણે RBI દ્વારા ભારતમાં સોનાનાં ઘરેણાંની કિંમતના કેટલા ટકા સુધી લોન આપવાની પરવાનગી આપવામાં આવી છે ?
(A) 70 ટકા (B) 75 ટકા (C) 90 ટકા (D) 95 ટકા **(C)**

4. કોરોના સંકટને કારણે RBI દ્વારા ભારતમાં સોનાનાં ઘરેણાંની કિંમતના 90 ટકા સુધીની લોન આપવાની પરવાનગી આપવામાં આવી છે.....આ મર્યાદા અગાઉ કેટલા ટકા સુધીની હતી ?
(A) 70 ટકા (B) 75 ટકા (C) 80 ટકા (D) 85 ટકા **(B)**

5. ભારતમાં RBI દ્વારા કયાં સુધી સોનાનાં ઘરેણાંની કિંમતના 90 ટકા સુધીની લોન આપવાની પરવાનગી આપવામાં આવી છે ?
(A) 31 ડિસેમ્બર 2020 (B) 31 માર્ચ 2021
(C) 31 ડિસેમ્બર 2021 (D) 1 જાન્યુઆરી 2022 **(B)**

6. ભારતમાં લોનનો મોરેટોરિયમ પિરિયડ પૂરો થયા બાદ કયા લોનધારકોને RBIએ તેમની લોન એક વખત રિસ્ટ્રક્ચર કરવાની પરવાનગી આપી છે ?
1. પર્સનલ લોનધારકો
2. ઔદ્યોગિક લોનધારકો

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

7. ભારતમાં લોનનો મોરેટોરિયમ પિરિયડ પૂરો થયા બાદ લોકોને લોન રિસ્ટ્રક્ચરનો લાભ કઈ રીતે આપવો એ અંગે ભલામણ કરવા કોની અધ્યક્ષતામાં RBIએ એક સમિતિની રચના કરી છે ?
(A) શ્રી કે. વી. કામથ (B) શ્રી આર. એસ. રાજગુરુ
(C) શ્રી પી. સી. વૈધ (D) શ્રી આર. કે. બાંગારુ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. 1 માર્ચ 2020ના રોજ ભારતમાં જેમની લોન કેટલા રૂપિયા કે તેથી ઓછી હોય તેવા MSME ઉદ્યોગોને લોન રિસ્ટ્રક્ચરિંગ યોજનાનો લાભ આપવાની RBIએ જાહેરાત કરી છે ?

(A) 25 કરોડ (B) 40 કરોડ (C) 50 કરોડ (D) 100 કરોડ **(A)**

9. ભારતમાં કોરોના સંકટને કારણે આર્થિક તંગીનો સામનો કરી રહેલા NBFC અને હાઉસિંગ સેકટર માટે RBIએ કેટલા રૂપિયા ફાળવવાની જાહેરાત કરી છે ?

(A) 10,000 કરોડ (B) 20,000 કરોડ
(C) 25,000 કરોડ (D) 30,000 કરોડ **(A)**

10. ભારતમાં ચેક દ્વારા થતા પેમેન્ટની સુરક્ષા વધારવા માટે તેમજ ચેક દ્વારા થતી ગોલમાલ અટકાવવા માટે RBIએ કઈ સિસ્ટમ અમલમાં મૂકવાની જાહેરાત કરી છે ?

(A) QR સ્કેન સિસ્ટમ (B) સિક્યોર ચેક સિસ્ટમ
(C) ચેક સુરક્ષા સિસ્ટમ (D) પોઝિટીવ પે સિસ્ટમ **(D)**

11. ભારતમાં RBI દ્વારા જાહેર કરવામાં આવેલી 'પોઝિટીવ પે સિસ્ટમ' અંતર્ગત કેટલા રૂપિયા કે તેથી વધુ રકમના તમામ ચેકનો સમાવેશ કરવામાં આવશે ?

(A) 10,000 (B) 25,000 (C) 40,000 (D) 50,000 **(D)**

12. ભારતમાં RBI દ્વારા જાહેર કરવામાં આવેલી 'પોઝિટીવ પે સિસ્ટમ'નો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(A) કોરોના સંકટને કારણે નાગરિકોને લોન ચૂકવવામાં રાહત આપવી.
(B) હોમલોનના EMI ચૂકવવામાં રાહત આપવી.
(C) ડિફોલ્ટરોને લોન ચૂકવવામાં રાહત આપવી.
(D) ચેકની સુરક્ષા વધારવી. **(D)**

13. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતના કયા રાજ્યમાં એર ઈન્ડિયાનું એક વિમાન રન વે પરથી ખીણમાં ખાબકતાં 18 લોકોના મોત થયા હતા ?

(A) કેરળ (B) આંધ્રપ્રદેશ (C) તમિલનાડુ (D) કર્ણાટક **(A)**

14. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેરળના કયા જિલ્લામાં એર ઈન્ડિયાનું એક વિમાન રન વે પરથી ખીણમાં ખાબકતાં 18 લોકોના મોત થયા હતા ?

(A) અર્નાકુલમ (B) માલાપ્પુરમ (C) પલક્કડ (D) કોલ્લમ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેરળના કયા શહેર પાસે એર ઈન્ડિયાનું એક વિમાન રન વે પરથી ખીણમાં ખાબકતાં 18 લોકોના મોત થયા હતા ?
(A) તિરુવનંતપુરમ (B) કોટ્ટાયમ (C) કોઝિકોડ (D) કન્નુર **(C)**

16. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેરળના કયા એરપોર્ટ પર એર ઈન્ડિયાનું એક વિમાન રન વે પરથી ખીણમાં ખાબકતાં 18 લોકોના મોત થયા હતા ?
(A) કેરળ ઈન્ટરનેશનલ એરપોર્ટ (B) માલાપ્પુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ
(C) કાલિકટ ઈન્ટરનેશનલ એરપોર્ટ (D) કોટ્ટાયમ ઈન્ટરનેશનલ એરપોર્ટ **(C)**

17. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેરળના કાલિકટ એરપોર્ટ પર એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં 18 લોકોના મોત થયા છે...આ વિમાને કયાંથી ઉડાન ભરી હતી ?
(A) રિયાધ (B) દુબઈ (C) બગદાદ (D) અબુધાબી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

**11 AUGUST, 2020 TUESDAY**

## ➤ ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલિ

તાજેતરમાં **શ્રાવણવદ સાતમ**ના રોજ **ગુજરાત**માં ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

### ભારતના ઈતિહાસનું ગૌરવવંતુ ભૂચર મોરીનું યુદ્ધ શું છે ?

આજથી આશરે 429 વર્ષ પૂર્વે **વિક્રમ સંવત 1648**માં ગુજરાતના સૌરાષ્ટ્રમાં **ધ્રોલ**ના **ભૂચર મોરી મેદાન**માં જામનગરના રાજવી **શ્રી જામ સતાજી** અને મુઘલ શાસક **અકબરના સૈન્ય** વચ્ચે થયેલું યુદ્ધ **ભૂચર મોરી**ના યુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે.

- ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલા અને ભારતના ઈતિહાસના સર્વકાલીન મહાન યુદ્ધોમાં સ્થાન પામેલા આ યુદ્ધની મુખ્ય વિશેષતા એ હતી કે આ યુદ્ધ સીમા, સરહદ કે જમીનના ટુકડા માટે લડાયું ન હતું, પરંતુ **ક્ષાત્ર ધર્મના પાલન** માટે આ યુદ્ધ લડાયું હતું.
- ગુજરાતના છેલ્લા સુલતાન **મુઝફ્ફર શાહ ત્રીજા**ને દિલ્હીના સુલતાન **અકબરે** હરાવ્યા બાદ તેમને કેદ કર્યા હતા.
- પરંતુ મુઝફ્ફર શાહ ત્રીજા ત્યાંથી ભાગીને જામનગરના રાજવી **શ્રી જામ સતાજી**ના શરણે આવ્યા હતા.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આથી અકબરે શ્રી જામ સતાજીને સંદેશો મોકલ્યો કે કેદીને સોંપો અથવા યુદ્ધ માટે તૈયાર રહો.
- ત્યારે જામનગરના રાજવી શ્રી જામ સતાજીએ ખૂમારીપૂર્વક જવાબ આપ્યો કે શરણમાં આવેલાનું કોઈપણ ભોગે રક્ષણ કરવું એ અમારો ધર્મ છે.
- આથી શ્રી જામ સતાજીનો વીરતા ભર્યો જવાબ સાંભળીને ક્રોધે ભરાયેલા અકબરે **મિર્ઝા અકીક કોકા**ને લશ્કર લઈને જામનગર પર ચડાઈ કરવા રવાના કર્યા અને **અકબરના સૈન્ય** તથા **શ્રી જામ સતાજીની સેના** વચ્ચે **ધ્રોલ**ના **ભૂચર મોરીના મેદાન**માં યુદ્ધ થયું.
- ભારતના ક્ષત્રિય સમાજની શૌર્ય ગાથા, બલિદાન અને તેમના ભવ્ય ઈતિહાસને સુવર્ણ અક્ષરે અંકિત કરતા અને માત્રને માત્ર આશરા ધર્મ તથા ક્ષાત્ર ધર્મનું પાલન કરવા માટે લડાયેલા આ યુદ્ધના અંતિમ દિવસે પોતાના લગ્નમાં જવાને બદલે રણમેદાનમાં જવાનું પસંદ કરનાર જામનગરના **પાટવીકુંવર** **શ્રી અજાજી**એ ભૂચર મોરીની ધરાને અનેક મોગલોના રક્તથી રંગીને યુદ્ધમાં લડતા લડતા શહાદત વહોરી હતી.
- આ યુદ્ધનો અંતિમ દિવસ હતો **સંવત 1648**ની **શ્રાવણ વદ સાતમ**નો.
- આથી દર વર્ષે **શ્રાવણ વદ સાતમ**ને દિવસે રાજપૂત સમાજ દ્વારા ભૂચર મોરી મેદાનમાં ક્ષાત્ર ધર્મના પાલન માટે શહીદ થયેલા મહાન શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પીને તેમની શહાદતને યાદ કરવામાં આવે છે.

**નોંધ :** (1) ભૂચર મોરીના આ યુદ્ધમાં શરૂઆતમાં **જૂનાગઢ**ના **નવાબ શ્રી દોલતખાને** જામનગરના રાજવી **શ્રી જામ સતાજી**ની મદદ કરી હતી પરંતુ પાછળથી તેમણે આ યુદ્ધમાં **અકબર**નો સાથ આપ્યો હતો.

(2) પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી રામકુભાઈ ખાચરના મતે **"ભૂચર મોરીનું યુદ્ધ રખાવટ અને આશરાધર્મની મિશાલ સમાન છે."**

(3) સૌરાષ્ટ્ર કચ્છના છેલ્લા બે મહાયુદ્ધમાં ભૂચર મોરીના યુદ્ધનો સમાવેશ થાય છે. ભૂચર મોરીનું યુદ્ધ **'ધ્રોલના યુદ્ધ'** તરીકે પણ ઓળખાય છે.

(4) ગુજરાતના પ્રસિદ્ધ લોકસાહિત્યકાર તથા **'રાષ્ટ્રીય શાયર'** **શ્રી ઝવેરચંદ મેઘાણી**એ ભૂચરમોરીના યુદ્ધ પરથી **'સમરાંગણ'** નામની કૃતિની રચના કરી હતી.

(5) **જુલાઈ 1591**માં થયેલા ભૂચર મોરીના યુદ્ધને **'ગુજરાત (અથવા તો સૌરાષ્ટ્ર)ના પાણીપત'** તરીકે ઓળખવામાં આવે છે.

(6) ભૂચર મોરીના યુદ્ધ સમયે વર્તમાન જામનગર **'નવાનગર'** તરીકે ઓળખાતું હતું.

(7) ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોના સન્માનમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ **2016**માં **67મા વન મહોત્સવ** અંતર્ગત જામનગર જિલ્લાના ધ્રોલ પાસેના **ભૂચર મોરી** ખાતે **'શહીદ વન'** નામના **સાંસ્કૃતિક વન**નું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ICC ટી-20 વર્લ્ડ કપ 2021 ભારતમાં યોજાશે

તાજેતરમાં UAEના દુબઈ ખાતે મળેલી ICCની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર વર્ષ 2021માં રમાનાર ICC ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ ભારતમાં યોજાશે.

- જ્યારે વર્ષ 2022માં તેનું આયોજન ઓસ્ટ્રેલિયા ખાતે થશે.
- આ ઉપરાંત વર્ષ 2021માં ન્યુઝીલેન્ડ ખાતે યોજાનાર વિમેન્સ ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ રદ કરવામાં આવ્યો છે.
- તેને સ્થાને આ વર્લ્ડ કપ હવે વર્ષ 2022માં ન્યુઝીલેન્ડમાં જ યોજાશે.

**ICC ટી-20 વર્લ્ડ કપનું આયોજન**

| ક્રમ | વર્લ્ડ કપ | વર્ષ | યજમાન દેશ |
|---|---|---|---|
| 1 | મેન્સ ટી-20 વર્લ્ડ કપ | 2021 | ભારત |
| 2 | મેન્સ ટી-20 વર્લ્ડ કપ | 2022 | ઓસ્ટ્રેલિયા |
| 3 | વિમેન્સ ટી-20 વર્લ્ડ કપ | 2022 | ન્યુઝીલેન્ડ |

**નોંધ :** (1) વર્ષ 2020માં ઓસ્ટ્રેલિયા ખાતે યોજાનાર મેન્સ ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ COVID-19 મહામારીને કારણે રદ કરવામાં આવ્યો છે.

(2) ICCનું પૂરું નામ International Cricket Council છે.

International Cricket Council



## ➤ દિલ્હીના રાજઘાટ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'નું ઉદ્દઘાટન

8 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતની રાજધાની **દિલ્હી**ના **રાજઘાટ** ખાતે સ્થપાયેલા **'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર' (Rashtriya Swachhata Kendra)**નું ઉદ્દઘાટન કર્યું છે.

- મહાત્મા ગાંધીજીના **ચંપારણ સત્યાગ્રહ**ના **100 વર્ષ**ની ઉજવણી નિમિત્તે **10 એપ્રિલ, 2017**ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ આ કેન્દ્રની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.

### 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'ની વિશેષતા

આ કેન્દ્ર **મહાત્મા ગાંધીજી**ને સમર્પિત છે.

- ભારતની રાજધાની **દિલ્હી**ના **રાજઘાટ** ખાતે **ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિ**માં આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.
- ભારતમાં **'સ્વચ્છ ભારત મિશન'**ને પ્રોત્સાહન આપવા માટે આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.
- આ કેન્દ્ર ભારતના **'સ્વચ્છ ભારત મિશન'** અંગે માહિતી આપતું સંવાદાત્મક અનુભવ કેન્દ્ર છે.
- **'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'**ના ત્રણ ખંડોમાં ટેક્નોલોજીની મદદથી વિશ્વના સૌથી મોટા વ્યવહાર પરિવર્તન અભિયાન ''સ્વચ્છ ભારત મિશન''ની સફળ યાત્રા રજૂ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સ્વચ્છ ભારત મિશન

ભારતમાં **2 ઓક્ટોબર 2014**ને મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે **નવી દિલ્હી**ના **રાજઘાટ** ખાતેથી વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં **'સ્વચ્છ ભારત મિશન'**નો શુભારંભ કરાવ્યો હતો.

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ **2 ઓક્ટોબર, 2019** સુધીમાં ભારતમાંથી **ખુલ્લામાં શૌચની પ્રથા** સમાપ્ત કરવાનો હતો.
- આ અભિયાન અંતર્ગત ભારતમાં **10 કરોડથી વધુ** શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- ભારતના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ આ અભિયાન અંતર્ગત 2 ઓક્ટોબર, 2019 પહેલા જ પોતાના ગ્રામીણ વિસ્તારોને ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર કરી દીધા હતા.
- વર્ષ **2014થી 2019** સુધીનો આ અભિયાનનો **પ્રથમ તબક્કો** હવે પૂર્ણ થઈ ગયો છે.

- જ્યારે વર્ષ 2020-21થી 2024-25 સુધીના આ અભિયાનના બીજા તબક્કામાં ખુલ્લામાં શૌચથી મુક્ત સ્થિતિને જાળવી રાખવાનું અને નક્કર તથા પ્રવાહી કચરાના મેનેજમેન્ટમાં સુધારો કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

**નોંધ :** ‘સ્વચ્છ ભારત મિશન’ને ‘સ્વચ્છ ભારત અભિયાન’ અથવા તો 'Clean India Mission' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ‘ગંદકી ભારત છોડો સપ્તાહ’નો શુભારંભ

8 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતે ‘રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર’નું ઉદ્ઘાટન કર્યું હતું.

- આ પ્રસંગે તેમણે ‘ગંદકી ભારત છોડો’નો નવો નારો આપ્યો હતો.
- અને ભારતના સ્વતંત્રતા દિન નિમિત્તે 15 ઓગસ્ટ 2020 સુધી તેમણે ભારતમાં ‘ગંદકી ભારત છોડો સપ્તાહ’ લોન્ચ કર્યું હતું.
- આ સપ્તાહ દરમિયાન ભારતમાં સ્વચ્છતાને જન આંદોલન બનાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

**નોંધ :** ‘ગંદકી ભારત છોડો સપ્તાહ’ને ‘ગંદકી મુક્ત ભારત સપ્તાહ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. વિક્રમ સંવત 1648માં ગુજરાતમાં ભૂચર મોરીના મેદાનમાં પ્રસિદ્ધ ભૂચર મોરીનું યુદ્ધ થયું હતું...... ભૂચર મોરીનું આ મેદાન કયાં આવેલું છે ?
(A) ગોધરા (B) જામજોધપુર (C) ધ્રોલ (D) વ્યારા **(C)**

2. વિક્રમ સંવત 1648 દરમિયાન ગુજરાતના કયા જિલ્લામાં ભૂચર મોરીનું યુદ્ધ થયું હતું ?
(A) પંચમહાલ (B) ભાવનગર (C) જૂનાગઢ (D) જામનગર **(D)**

3. ઐતિહાસિક ભૂચર મોરીનું યુદ્ધ કોની–કોની વચ્ચે થયું હતું ?
(A) જામનગરના રાજવી શ્રી જામ રણજીત સિંહ અને અકબરનું સૈન્ય
(B) જામનગરના રાજવી શ્રી જામ સતાજી અને અકબરનું સૈન્ય
(C) કાઠીયાવાડી રાજ્યોનું સંયુક્ત સૈન્ય અને મુઘલ સામ્રાજ્યની સેના
(D) B અને C બંને **(C)**

4. ભારતના ઈતિહાસનું કયું યુદ્ધ 'ગુજરાતના પાણીપત' તરીકે ઓળખાય છે ?
(A) સુરતનું યુદ્ધ (B) ભૂચર મોરીનું યુદ્ધ
(C) કચ્છનું યુદ્ધ (D) જૂનાગઢનું યુદ્ધ **(B)**

5. ભૂચર મોરીનું યુદ્ધ કયારે થયું હતું ?
(A) જુલાઈ 1491 (B) જુલાઈ 1481 (C) જુલાઈ 1581 (D) જુલાઈ 1591 **(D)**

6. જુલાઈ 1591માં ગુજરાતમાં થયેલા ભૂચર મોરીના યુદ્ધમાં 'કાઠીયાવાડી રાજ્યોના સંયુક્ત સૈન્ય'માં કોનો સમાવેશ થતો હતો ?
(A) જામનગર અથવા તો નવાનગરના રાજવી શ્રી જામ સતાજીનું સૈન્ય
(B) જૂનાગઢનું સૈન્ય (C) કુંડલાનું સૈન્ય (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

7. ભૂચર મોરીના યુદ્ધ પરથી શ્રી ઝવેરચંદ મેઘાણીએ કયા પુસ્તકની રચના કરી હતી ?
(A) કંકાવટી (B) વેરની વસૂલાત
(C) કોઈનો લાડકવાયો (D) સમરાંગણ **(D)**

8. UAEના દુબાઈ ખાતે મળેલી ICCની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર વર્ષ 2021માં ICC ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ અથવા તો ICC મેન્સ ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ કયાં યોજાશે ?
(A) ભારત (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) ન્યુઝીલેન્ડ **(A)**

9. વર્ષ 2022માં ICC મેન્સ ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ કયાં યોજાશે ?
(A) શ્રીલંકા (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) ન્યુઝીલેન્ડ **(B)**

10. વર્ષ 2022માં ICC વિમેન્સ ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ કયાં યોજાશે ?
(A) શ્રીલંકા (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) ન્યુઝીલેન્ડ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**11.** 8 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ જગ્યાએ નિર્માણ પામેલા 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'નું ઉદ્દઘાટન કર્યું છે ?

(A) રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી (B) લાલકિલ્લો, નવી દિલ્હી

(C) સંસદ, નવી દિલ્હી (D) રાજઘાટ, નવી દિલ્હી **(D)**

**12.** ભારતમાં સ્થપાયેલા 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. મહાત્મા ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહને 100 વર્ષ પૂરા થયાના પ્રસંગની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 10 એપ્રિલ, 2017ના રોજ તેની સ્થાપનાની જાહેરાત કરી હતી.
2. આ કેન્દ્ર ભારતના 'સ્વચ્છ ભારત મિશન' અંગે માહિતી આપતું સંવાદાત્મક અનુભવ કેન્દ્ર છે.


Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1

(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

**13.** 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'ના ઉદ્દઘાટન પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કયા સપ્તાહનો પ્રારંભ કરાવ્યો હતો ?

(A) COVID-19 મુક્ત ભારત સપ્તાહ (B) કોરોના ભારત છોડો સપ્તાહ

(C) ગંદકી ભારત છોડો સપ્તાહ (D) સ્વચ્છ ભારત સપ્તાહ **(C)**

Available at
amazon

**12 AUGUST, 2020 WEDNESDAY**

## ➢ દિવસ મહિમા : 12 ઓગસ્ટ, (1) વિશ્વ હાથી દિવસ (World Elephant Day)
## (2) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day)

### આંતરરાષ્ટ્રીય યુવા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 ઓગસ્ટના રોજ 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 12 ઓગસ્ટ, 2000થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની થીમ 'Youth Engagement for Global Action' (વૈશ્વિક ક્રિયાઓ માટે યુવાઓનું જોડાણ) છે.

**નોંધ :** 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' દર વર્ષે 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મદિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ UPSCના નવા ચેરમેન તરીકે પ્રોફેસર પ્રદીપ કુમાર જોશીની નિમણૂક



UPSCના નવા ચેરમેન તરીકે પ્રોફેસર પ્રદીપ કુમાર જોશીની નિમણૂક કરવામાં આવી છે.

- પ્રોફેસર પ્રદીપ કુમાર જોશી 12 મે 2015થી UPSCના સભ્ય હતા.
- હવે તેમની UPSCના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- UPSCના નવા ચેરમેન તરીકે શ્રી પ્રદીપ કુમાર જોશીએ શ્રી અરવિંદ સકસેનાનું સ્થાન લીધું છે.
- આ અંતર્ગત UPSCમાંથી સેવા નિવૃત્ત થઈ રહેલા ચેરમેન શ્રી અરવિંદ સકસેનાએ શ્રી પ્રદીપ કુમારને UPSCના નવા ચેરમેન તરીકેના શપથ અપાવ્યા છે.

### પ્રોફેસર પ્રદીપ કુમાર જોશી

પ્રોફેસર પ્રદીપ કુમાર જોશી ભારતના પ્રસિદ્ધ શિક્ષણ શાસ્ત્રી છે.

- UPSCના સભ્ય બન્યા અગાઉ તેમણે છત્તીસગઢ જાહેર સેવા આયોગ અને મધ્યપ્રદેશ જાહેર સેવા આયોગના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી.

- તેમણે ભારતમાં 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ & એડમિનિસ્ટ્રેશન' (NIEPA)ના ડિરેક્ટર તરીકે પણ ફરજ નીભાવી હતી.
- તેમણે 1981માં <u>Commerce</u> સબ્જેક્ટમાં <u>કાનપુર યુનિવર્સિટી</u>માંથી Ph.D.ની ડિગ્રી મેળવી હતી.
- ત્યારબાદ તેમણે 28 વર્ષથી વધુ સમય સુધી પ્રોફેસર તરીકે શિક્ષણકાર્ય કર્યું હતું.

## UPSC

<u>UPSC</u>નું પૂરું નામ <u>Union Public Service Commission (સંઘ લોક સેવા આયોગ)</u> છે.

- UPSCએ ભારતના બંધારણ દ્વારા સ્થપાયેલી એક <u>બંધારણીય</u> અથવા તો <u>સંવૈધાનિક</u> સંસ્થા છે.
- ભારતીય બંધારણના <u>ભાગ 14</u>માં <u>અનુચ્છેદ 315થી 323</u> અંતર્ગત 'સંઘ લોક સેવા આયોગ'ની જોગવાઈ કરવામાં આવી છે.

## UPSCના અધ્યક્ષની નિમણૂક

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 316 (1)</u> અનુસાર UPSCના અધ્યક્ષ તથા અન્ય સભ્યોની <u>નિમણૂક</u> ભારતના <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા કરવામાં આવે છે.

## UPSCના અધ્યક્ષની મુદત

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 316(2)</u> અનુસાર UPSCના અધ્યક્ષ અથવા તો સભ્યોની મુદત <u>6 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરી થાય તે</u> હોય છે.

## UPSCના અધ્યક્ષ બનવા માટેની લાયકાત

ભારતના બંધારણમાં UPSCના અધ્યક્ષ બનવા માટે કોઈ ચોક્કસ લાયકાતની જોગવાઈ કરવામાં આવી નથી.

- પરંતુ ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 316 (1)</u> અનુસાર લોક સેવા આયોગના કુલ સભ્યોમાંથી <u>અડધા સભ્યો</u>ને <u>ભારત સરકાર</u> અથવા તો <u>રાજ્ય સરકાર</u>માં ઓછામાં ઓછા <u>10 વર્ષ</u> કામ કરવાનો અનુભવ હોવો જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) લોક સેવા આયોગના કાર્યો અંગેની જોગવાઈ **અનુચ્છેદ 320 અંતર્ગત** કરવામાં આવી છે.

(2) ભારતીય બંધારણના **અનુચ્છેદ 316 (2)(ક)** અનુસાર સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો ભારતના **રાષ્ટ્રપતિ**ને પોતાનું રાજીનામું આપે છે.

(3) **અનુચ્છેદ 323** અનુસાર UPSC દર વર્ષે પોતાનો **રિપોર્ટ** તૈયાર કરીને **રાષ્ટ્રપતિ**ને સોંપે છે.

(4) ભારતમાં UPSCમાં અધ્યક્ષ સહિત સામાન્ય રીતે **9થી 11 સભ્યો** હોય છે.

## ➤ કુદરતી આપત્તિની સ્થિતિમાં ખેડૂતોને આર્થિક સહાય આપવા ગુજરાતમાં 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'ની જાહેરાત

10 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના ખેડૂતો માટે નવી **'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'**ની **ગાંધીનગર** ખાતેથી જાહેરાત કરી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ **કુદરતી આપત્તિ**ની સ્થિતિમાં થતા પાકના નુકશાન સામે ખેડૂતોને આર્થિક સહાય આપવાનો છે.
- આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ એક પણ રૂપિયાનું પ્રિમિયમ ભરવાનું રહેશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ યોજના અંતર્ગત કઈ આફત સામે સહાય મળશે ?

આ યોજના અંતર્ગત ખેડૂતોને **ખરીફ ઋતુ**માં નીચેની **ત્રણ કુદરતી આફતો**ને કારણે થયેલ પાક નુકશાન સામે સહાય આપવામાં આવશે.

(1) **અનાવૃષ્ટિ (અથવા તો દુષ્કાળ)**
(2) **અતિવૃષ્ટિ, વાદળ ફાટવું અને**
(3) **કમોસમી વરસાદ (અથવા તો માવઠું)**

### કઈ સ્થિતિમાં આ સહાય મળશે ?

#### અનાવૃષ્ટિ

અનાવૃષ્ટિની સ્થિતિમાં નીચેના સંજોગોમાં ખેતીના વાવેતર થયેલા પાકને નુકશાન થાય તો ખેડૂતોને સહાય આપવામાં આવશે.

(1) જે તાલુકામાં ચાલુ સિઝનમાં **10 ઈંચથી ઓછો** વરસાદ પડયો હોય. અથવા તો

(2) **ચોમાસાની શરૂઆતથી 31 ઓગસ્ટ સુધીના** સમયગાળામાં જે તાલુકામાં બે વરસાદ વચ્ચે **સતત ચાર અઠવાડિયા** એટલે **સતત 28 દિવસ સુધી** વરસાદ પડયો ન હોય એટલે કે **સતત શૂન્ય વરસાદ** હોય.

## અતિવૃષ્ટિ

ગુજરાતમાં અતિવૃષ્ટિની સ્થિતિમાં નીચેના સંજોગોમાં ખેતીના વાવેતર થયેલા પાકને નુકશાન થાય તો ખેડૂતોને સહાય આપવામાં આવશે.

(1) **દક્ષિણ ગુજરાતના** ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના **કોઇ તાલુકા**માં જો **48 કલાકમાં 35 ઇંચ કે તેથી વધુ** વરસાદ થાય તો અને

(2) દક્ષિણ ગુજરાત સિવાયના **ગુજરાતના અન્ય તમામ** જિલ્લાઓના કોઈ **તાલુકા**માં જો **48 કલાકમાં 25 ઇંચ કે તેથી વધુ** વરસાદ મહેસુલી તાલુકાના રેઈન ગેજ મુજબ નોંધાય તો.

## કમોસમી વરસાદ

ગુજરાતમાં **15 ઓક્ટોબરથી 15 નવેમ્બર સુધીમાં** કોઈ તાલુકામાં **સળંગ 48 કલાકમાં 50 મી.મી.થી વધુ કમોસમી વરસાદ** થાય અને ખેતીના વાવેતર કરેલા પાકને નુકશાન થાય તો ખેડૂતોને સહાય આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આ યોજના અંતર્ગત સહાય

ખરીફ ઋતુમાં થયેલા પાકના નુકશાન માટે ગુજરાતના ખેડૂતોને **બે રીતે** સહાય આપવામાં આવશે.

(1) **33 ટકાથી 60 ટકા નુકશાન** માટે ખેડૂતોને **પ્રતિ હેકટર રૂ. 20,000** સહાય આપવામાં આવશે.

- આ સહાય વધુમાં વધુ **4 હેકટર**ની મર્યાદામાં ચૂકવવામાં આવશે.
- એટલે કે કોઈ ખેડૂત પાસે 4 હેકટર કરતા ગમે તેટલી વધારે જમીન હોય તો પણ તેને ફક્ત 4 હેકટર જમીન માટે જ સહાય મળશે.

(2) **60 ટકાથી વધુ નુકશાન** માટે ખેડૂતોને **પ્રતિ હેકટર રૂ. 25,000** સહાય આપવામાં આવશે.

- આ સહાય પણ વધુમાં વધુ **4 હેકટર**ની મર્યાદામાં જ ચૂકવવામાં આવશે.

| મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત સહાય | | | |
|---|---|---|---|
| ક્રમ | ખરીફ ઋતુમાં થયેલું પાકનું નુકશાન | પ્રતિ હેક્ટર સહાય | મર્યાદા |
| 1 | 33 ટકાથી 60 ટકા | રૂ. 20,000 | 4 હેક્ટર |
| 2 | 60 ટકાથી વધુ | રૂ. 25,000 | 4 હેક્ટર |

## આ યોજનાનો લાભ કોને મળશે ?

આ યોજનાનો લાભ નાના,મોટા, સીમાંત એમ **ગુજરાતના તમામ ખેડૂતોને** મળશે.

- આ યોજના અંતર્ગત ગુજરાતના રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલા તમામ –
  - (1) **8-અ ધારક ખેડૂત ખાતેદાર અને**
  - (2) **ફોરેસ્ટ રાઈટ એક્ટ હેઠળના સનદ ધારક ખેડૂતો લાભાર્થી ગણાશે.**
- આ યોજના અંતર્ગત ગુજરાતના 56 લાખથી વધુ ખેડૂતોને લાભ થશે.

## આ યોજનાની અન્ય જોગવાઈઓ

આ યોજના ઉપરાંત જે ખેડૂત લાભાર્થીઓને **SDRF (State Disaster Response Fund) યોજના**નો લાભ મળવાપાત્ર હશે તો તેઓને તે પણ મળશે.

- આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ ઈ–ગ્રામ સેન્ટર ઉપર જઈને આ માટે તૈયાર કરવામાં આવનાર **PORTAL પર ઓનલાઈન અરજી** કરવાની રહેશે.
- ત્યારબાદ મંજૂર થયેલ સહાય લાભાર્થીઓના બેન્ક અકાઉન્ટમાં સીધી જ DBT (Direct Benefit Transfer) દ્વારા જમા થશે.
- ખેડૂતોના માર્ગદર્શન માટે **ટોલ ફ્રી નંબર**ની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- લાભાર્થી ખેડૂતોના પ્રશ્નોના ઉકેલ માટે **ગ્રીવન્સ રિડ્રેસલ મિકેનિઝમ**ની વ્યવસ્થા કરવામાં આવશે.

## આ યોજના અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની પ્રક્રિયા

અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે કમોસમી વરસાદને કારણે જો પાકને નુકશાન થાય તો તેવા અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી **જિલ્લા કલેક્ટર** દ્વારા તૈયાર કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ઘટના બન્યાના **7 દિવસની અંદર** કલેકટર દ્વારા આ યાદી રાજ્ય સરકારની (અથવા તો મહેસૂલ વિભાગની) મંજૂરી માટે મોકલવામાં આવશે.
- આ દરખાસ્ત મળ્યાના **7 દિવસ**માં રાજ્ય સરકાર તેને મંજૂરી આપશે.

## આ યોજના અંતર્ગત પાક નુકશાનના સર્વેની કામગીરી

રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ યાદી મુજબ **જિલ્લા વિકાસ અધિકારી** દ્વારા સર્વે ટીમો બનાવી અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારના અસરગ્રસ્ત ખેતરોનો પંચનામા સહિતનો સર્વે **15 દિવસમાં** કરાવવામાં આવશે.

- સર્વે પૂર્ણ થયા બાદ આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્રતા ધરાવતા ખેડૂતોની યાદી **જિલ્લા વિકાસ અધિકારી**ની સહીવાળા હુકમથી જાહેર કરાશે.
- આ યાદી બે પ્રકારના નુકશાનવાળી જાહેર થશે :
  (1) 33 ટકાથી 60 ટકા નુકશાન અને
  (2) 60 ટકાથી વધુ નુકશાન

**નોંધ :** (1) આમ, 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી **જિલ્લા કલેકટર** તૈયાર કરશે.

(2) જ્યારે આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા **ખેડૂતો**ની યાદી **જિલ્લા વિકાસ અધિકારી** દ્વારા તૈયાર કરવામાં આવશે.

(3) આ યોજના અંતર્ગત **ખરીફ ઋતુના તમામ પાકો**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

(4) ગુજરાતમાં **પ્રધાનમંત્રી સફલ બીમા યોજના (PMFBY)**ના સ્થાને **ફક્ત ચાલુ ખરીફ ઋતુ** માટે જ ગુજરાત સરકારે આ યોજના અમલમાં મુકી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

1. 'વિશ્વ હાથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ **(C)**

3. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 જાન્યુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 12 જૂન (D) 12 જુલાઈ **(A)**

4. UPSCના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પ્રદીપ કુમાર જૈન (B) શ્રી પ્રદીપ કુમાર જાની
(C) શ્રી પ્રદીપ કુમાર સિન્હા (D) શ્રી પ્રદીપ કુમાર જોશી **(D)**

5. UPSCના નવા ચેરમેન તરીકે શ્રી પ્રદીપ કુમાર જોશીએ કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રી અશોક મલ્હોત્રા (B) શ્રી અરવિંદ સકસેના
(C) શ્રી પંકજ મહાજન (D) શ્રી શૈલેષ વ્યાસ **(B)**

6. UPSCના નવા અધ્યક્ષ તરીકે શ્રી પ્રદીપ કુમાર જોશીને કોણે શપથ અપાવ્યા છે ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) જસ્ટિસ શરદ બોબડે (D) શ્રી અરવિંદ સકસેના **(D)**

7. UPSCના અધ્યક્ષ તથા અન્ય સભ્યોનો કાર્યકાળ કેટલો હોય છે ?
(A) 5 વર્ષ અથવા તો 60 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે
(B) 6 વર્ષ અથવા તો 60 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે
(C) 5 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે
(D) 6 વર્ષ અથવા તો 65 વર્ષ એ બેમાંથી જે પહેલા પૂરો થાય તે **(D)**

8. કુદરતી આપત્તિની સ્થિતિમાં ખેડૂતોને આર્થિક સહાય આપવા માટે 10 ઓગસ્ટ 2020ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ નવી યોજનાની જાહેરાત કરી છે ?
(A) મુખ્યમંત્રી પાક વીમા યોજના (B) મુખ્યમંત્રી ફસલ વીમા યોજના
(C) મુખ્યમંત્રી કિસાન વીમા યોજના (D) મુખ્યમંત્રી કિસાન સહાય યોજના **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતના ખેડૂતોને કયા પાકમાં થતા નુકશાન બદલ આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) રવિ (B) ખરીફ (C) જાયદ (D) ઉપરોક્ત ત્રણેય **(B)**

10. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતના ખેડૂતોને કઈ કુદરતી આપત્તિને કારણે થતા પાકના નુકશાન બદલ સહાય મળશે ?

(A) અનાવૃષ્ટિ અથવા દુષ્કાળ (B) અતિવૃષ્ટિ, વાદળ ફાટવું
(C) કમોસમી વરસાદ અથવા માવઠું (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

11. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં અનાવૃષ્ટિની સ્થિતિમાં ચાલુ સિઝનમાં કેટલા ઈંચથી ઓછો વરસાદ થયો હોય તો ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) 10 ઈંચ (B) 12 ઈંચ (C) 15 ઈંચ (D) 20 ઈંચ **(A)**

12. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં અનાવૃષ્ટિની સ્થિતિમાં ચોમાસાની શરૂઆતથી 31 ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત કેટલા અઠવાડિયા સુધી શૂન્ય વરસાદ હોય તો ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(C)**

13. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં અતિવૃષ્ટિની સ્થિતિમાં દક્ષિણ ગુજરાતના કોઈ જિલ્લામાં 48 કલાકમાં કેટલા ઈંચ કે તેથી વધુ વરસાદ થાય તો ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) 20 (B) 25 (C) 30 (D) 35 **(D)**

14. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં અતિવૃષ્ટિની સ્થિતિમાં દક્ષિણ ગુજરાત સિવાયના કોઈ અન્ય જિલ્લામાં 48 કલાકમાં કેટલા ઈંચ કે તેથી વધુ વરસાદ થાય તો ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) 10 (B) 15 (C) 20 (D) 25 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં 15 ઓક્ટોબરથી 15 નવેમ્બર સુધીમાં કોઈ તાલુકામાં સળંગ 48 કલાકમાં કેટલા મી.મી.થી વધુ કમોસમી વરસાદ થાય તો ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) 20 (B) 30 (C) 40 (D) 50 **(D)**

16. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને પાકના નુકશાન માટે કઈ કેટેગરીમાં સહાય આપવામાં આવશે ?

1. 25 ટકાથી 50 ટકા
2. 50 ટકાથી વધુ
3. 33 ટકાથી 60 ટકા
4. 60 ટકાથી વધુ

Ans. (A) 1, 2 (B) 1, 2, 3 (C) 2, 4 (D) 3, 4 **(D)**

17. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને 33 ટકાથી 60 ટકા પાકના નુકશાન માટે પ્રતિ હેક્ટર કેટલી સહાય આપવામાં આવશે ?

(A) રૂ. 10,000 (B) રૂ. 15,000 (C) રૂ. 20,000 (D) રૂ. 25,000 **(C)**

18. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં પાકના 60 ટકાથી વધુ નુકશાન માટે ખેડૂતોને પ્રતિ હેક્ટર કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?

(A) 20,000 (B) 25,000 (C) 30,000 (D) 35,000 **(B)**

19. 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અંતર્ગત ગુજરાતમાં ખેડૂતોને કેટલા હેક્ટરની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવશે ?

(A) 2 હેક્ટર (B) 3 હેક્ટર (C) 4 હેક્ટર (D) 5 હેક્ટર **(C)**

20. ગુજરાત સરકારે જાહેર કરેલી 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. આ યોજના અંતર્ગત અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી જિલ્લા કલેક્ટર દ્વારા તૈયાર કરવામાં આવશે.
2. આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતોની યાદી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવશે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

13 AUGUST, 2020 THURSDAY

## ➤ સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા સંરક્ષણ મંત્રાલય દ્વારા ભારતમાં 101 સંરક્ષણ ચીજોની આયાત પર પ્રતિબંધ

ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય અંતર્ગતના સૈન્ય બાબતો અંગેના વિભાગ (Department of Military Affairs-DMA) દ્વારા 101 સંરક્ષણ ચીજોની એક યાદી જાહેર કરવામાં આવી છે.

- અને આ 101 સંરક્ષણ ચીજોની ભારતમાં આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- આ 101 સંરક્ષણ ચીજોમાં આર્ટિલરી ગન, અસોલ્ટ રાઈફલ, રોકેટ લોન્ચર, અનેક પ્રકારની મિસાઈલો, યુદ્ધ જહાજ, માલવાહક વિમાન, હલ્કા યુદ્ધ હેલિકોપ્ટર, રડાર વગેરે જેવા સંરક્ષણ શસ્ત્રો, સંરક્ષણ સાધનો, સંરક્ષણ સિસ્ટમ અને સંરક્ષણ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.
- આ 101 સંરક્ષણ ચીજોની આયાત પર ભારતમાં ડિસેમ્બર 2020થી શરૂ કરીને ડિસેમ્બર 2025થી પ્રતિબંધ લાગુ થશે.
- આ 101 સંરક્ષણ ચીજોમાંથી 69 ચીજો પર તો ડિસેમ્બર 2020થી જ પ્રતિબંધ લાગુ થઈ જશે.
- જ્યારે 11 પર ડિસેમ્બર 2021થી, 4 પર ડિસેમ્બર 2022થી, 8 પર ડિસેમ્બર 2023થી, અન્ય 8 પર ડિસેમ્બર 2024થી અને 1 આઈટમ પર ડિસેમ્બર 2025થી પ્રતિબંધ લાગુ થશે.

**આયાત પર પ્રતિબંધ**

| ક્રમ | સંરક્ષણ સાધનો, શસ્ત્રો વગેરે | ક્યારથી પ્રતિબંધ |
|---|---|---|
| 1 | 69 | ડિસેમ્બર 2020 |
| 2 | 11 | ડિસેમ્બર 2021 |
| 3 | 04 | ડિસેમ્બર 2022 |
| 4 | 08 | ડિસેમ્બર 2023 |
| 5 | 08 | ડિસેમ્બર 2024 |
| 6 | 01 | ડિસેમ્બર 2025 |
| કુલ | 101 | |

આ 101 સંરક્ષણ ચીજોમાંથી અંતિમ તબક્કામાં ડિસેમ્બર 2025થી Long Range - Land Attack Cruise Missileની ભારતમાં આયાત પર પ્રતિબંધ લાગુ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ભારતમાં **'આત્મનિર્ભર ભારત અભિયાન'**ને વેગ આપવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

(2) આ ઉપરાંત આ નિર્ણયનો અન્ય એક ઉદ્દેશ **સંરક્ષણ ક્ષેત્રે થતી ભારતની આયાત ઘટાડવાનો** અને **સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાનો** પણ છે.

(3) ભારતના સંરક્ષણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતમાંથી સંરક્ષણ ઉપકરણોની ખરીદી માટે **રૂ. 52,000 કરોડ**ના બજેટની મંજૂરી આપી છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં રૂ. 1 લાખ કરોડના 'કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ'નો પ્રારંભ

9 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ પ્રારંભિક તબક્કામાં **'કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ'**માંથી **2280** ખેડૂત સોસાયટીઓને **રૂ. 1000 કરોડથી વધુનું** ધિરાણ આપવાની મંજૂરી આપી છે.

- આ સાથે જ ભારતમાં નવા રચાયેલા **'કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ' (Agriculture Infrastructure Fund)**માંથી ધિરાણ આપવાની પ્રવૃત્તિનો પ્રારંભ થઈ ગયો છે.

### આ ફંડની વિશેષતા

ભારતમાં લણણી પછી પાકના સંગ્રહ, પરિવહન અને ફૂડ પ્રોસેસિંગની સુવિધા વિકસાવવા માટે આ ફંડની રચના કરવામાં આવી છે.

- આ ફંડ અંતર્ગત કુલ **રૂ. 1 લાખ કરોડ**નું ભંડોળ એકત્ર કરવામાં આવશે.
- અને ભારતમાં ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ, ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ વગેરે જેવી સુવિધાઓ વિકસાવવા માટે આ ભંડોળમાંથી ધિરાણ આપવામાં આવશે.
- આ અંતર્ગત આ ફંડમાંથી ખેડૂતો, સહકારી મંડળીઓ, કૃષિ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ–અપ્સ વગેરેને કૃષિ ક્ષેત્રે માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે મધ્યમ તથા લાંબાગાળાનું ધિરાણ આપવામાં આવશે.
- આ યોજનાની મુદત **10 વર્ષ** સુધીની છે.
- તે ભારતમાં નાણાકીય વર્ષ **2020થી 2029** સુધી અમલમાં રહેશે.
- આ યોજના અંતર્ગત વ્યાજમાં **3 ટકા**ની છૂટ આપવામાં આવશે.
- અને **રૂ. 2 કરોડ** સુધીની ક્રેડિટ ગેરંટી આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા કેટલી સંરક્ષણ ચીજોની ભારતમાં આયાત પર પ્રતિબંધ મૂકતી એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે ?

(A) 100 (B) 101 (C) 151 (D) 201 **(B)**

2. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય અંતર્ગતના કયા વિભાગ દ્વારા ભારતમાં 101 સંરક્ષણ ચીજોની આયાત પર પ્રતિબંધ મૂકતી એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે ?

(A) સંરક્ષણ વિભાગ (B) સંરક્ષણ ઉત્પાદન વિભાગ

(C) સૈન્ય બાબતો અંગેનો વિભાગ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા કયાં સુધીમાં ભારતમાંથી 101 સંરક્ષણ ચીજોની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?

(A) ડિસેમ્બર 2020થી ડિસેમ્બર 2023 (B) ડિસેમ્બર 2020થી ડિસેમ્બર 2024

(C) ડિસેમ્બર 2020થી ડિસેમ્બર 2025 (D) ડિસેમ્બર 2020થી ડિસેમ્બર 2027 **(C)**

4. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી 101 સંરક્ષણ ચીજોની યાદીમાંથી પ્રથમ તબક્કામાં ડિસેમ્બર 2020થી ભારતમાં કેટલી સંરક્ષણ ચીજોની આયાત પર પ્રતિબંધ લાગુ થશે ?

(A) 50 (B) 60 (C) 69 (D) 79 **(C)**

5. 9 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કુલ કેટલા રૂપિયાના 'કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ'માંથી ધિરાણ આપવાની પ્રવૃત્તિનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) રૂ. 50 હજાર કરોડ (B) રૂ. 1 લાખ કરોડ

(C) રૂ. 1.5 લાખ કરોડ (D) રૂ. 2 લાખ કરોડ **(B)**

6. ભારતમાં નવા રચાયેલા 'કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. વર્ષ 2020થી 2029 સુધી 10 વર્ષ માટે તે અમલમાં રહેશે.
2. તેમાં વ્યાજમાં 3 ટકાની છૂટ આપવામાં આવશે.
3. તેમાં રૂ. 5 કરોડ સુધીની ક્રેડિટ ગેરેંટી આપવામાં આવશે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) ફક્ત 1 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**14 AUGUST, 2020 FRIDAY**

## ➤ રશિયા દ્વારા COVID-19ની વિશ્વની પ્રથમ વેક્સીન બનાવી હોવાની જાહેરાત

11 ઓગસ્ટ 2020ના રોજ <u>રશિયા</u>ના રાષ્ટ્રપતિ <u>**શ્રી વ્લાદેમિર પુતિને**</u> કરેલી જાહેરાત અનુસાર <u>**રશિયા**</u>એ <u>**કોરોનાની વિશ્વની પ્રથમ રસી**</u> બનાવી લીધી છે.

- અને રશિયાના આરોગ્ય મંત્રાલયે કોરોનાની આ રસીને પરવાનગી પણ આપી દીધી છે.

### આ વેક્સીનનું નામ

કોરોનાની આ વેક્સીનનું નામ <u>**'સ્પુટનિક-5' (Sputnik-V)**</u> રાખવામાં આવ્યું છે.


- રશિયા દ્વારા તેના પ્રથમ ઉપગ્રહ <u>**'સ્પુટનિક'**</u>ના નામ પરથી આ વેક્સીનને <u>**'સ્પુટનિક-5'**</u> નામ આપવામાં આવ્યું છે.

### રશિયાની કઈ સંસ્થા દ્વારા આ વેક્સીન વિકસાવવામાં આવી છે ?

રશિયાના <u>**મોસ્કો**</u> ખાતે આવેલી <u>**'ગામાલેયા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (Gamaleya Research Institute)**</u> નામની સંસ્થા દ્વારા <u>**એડેનો વાઈરસ**</u>ને બેઝ બનાવીને આ વેક્સીન બનાવવામાં આવી છે.

**નોંધ :** (1) રશિયા દ્વારા <u>**ઓક્ટોબર 2020**</u>થી સમગ્ર દેશમાં આ રસી આપવાની પ્રક્રિયાનો પ્રારંભ કરવાની યોજના બનાવવામાં આવી રહી છે.

(2) જોકે, WHO સહિત વિશ્વના અનેક દેશોને રશિયાની આ રસીની અસરકારકતા અને વિશ્વસનીયતા અંગે શંકા છે.



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો : પિતાની સંપત્તિમાં પુત્રીઓનો પણ સમાન અધિકાર રહેશે

11 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં **સુપ્રીમ કોર્ટે** એક મહત્ત્વનો ચુકાદો આપતા જણાવ્યું છે કે, ભારતમાં **પૈતૃક** અથવા તો **પિતાની વારસાગત સંપત્તિ**માં **પુત્રીઓનો પણ પુત્ર જેટલો જ સમાન અધિકાર છે.**

- તેમાં જરાય ઉપર નીચે ન થવું જોઈએ.
- જન્મની સાથે જ દીકરીનો પણ પિતાની સંપત્તિમાં સમાન હક થઈ જાય છે.
- તેને સમાન ભાગ મળવો જ જોઈએ.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ ચુકાદો આપ્યો હતો ?

જસ્ટિસ **અરૂણ મિશ્રા**ની અધ્યક્ષતામાં બનેલી સુપ્રીમ કોર્ટની **ત્રણ સભ્યો**ની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.

- આ બેન્ચના ત્રણ સભ્યોના નામ આ પ્રમાણે છે :
  - (1) **જસ્ટિસ અરૂણ મિશ્રા (અધ્યક્ષ)**
  - (2) **જસ્ટિસ એસ. નઝીર અને**
  - (3) **જસ્ટિસ એમ. આર. શાહ**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કયા એક્ટની જોગવાઈના સંદર્ભમાં સ્પષ્ટતા કરતા સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો ?

**1956**માં ઘડાયેલા **હિંદુ પરિવાર ઉત્તરાધિકાર એક્ટ**માં વર્ષ 2005માં થયેલા **સંશોધન**ના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

- હિંદુ પરિવાર ઉત્તરાધિકાર એક્ટમાં વર્ષ 2005માં સુધારો કરીને તેમાં **પુત્રીઓને પિતાની સંપત્તિમાં સમાન અધિકાર આપવાની** જોગવાઈ કરવામાં આવી હતી.
- અને આ નવો સુધારો **9 સપ્ટેમ્બર 2005**થી અમલમાં આવ્યો હતો.
- પરંતુ આ સુધારામાં એ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી કે, જો પિતાનું મૃત્યુ આ સુધારા અગાઉ એટલે કે **9 સપ્ટેમ્બર, 2005** અગાઉ થયું હોય તો તેવી સ્થિતિમાં પુત્રીઓને સમાન અધિકાર મળશે કે નહિ ?


- આથી, આ સ્થિતિનો લાભ લઈને તાજેતરમાં એક કેસમાં ભાઈઓએ બહેનને એમ કહીને પિતાની સંપત્તિમાં સમાન હિસ્સો આપવાનો ઈનકાર કર્યો હતો કે, પિતાનું અવસાન 9 સપ્ટેમ્બર 2005 પહેલાં થયું હતું. તેથી આ સુધારો આ કિસ્સામાં લાગુ થશે નહિ.
- પરિણામે આ બહેને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.
- અને આ બહેનની અરજીના સંદર્ભમાં ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, 2005માં કાયદામાં સુધારો કરવામાં આવ્યો તે પહેલા જો પિતાનું મૃત્યુ થયું હોય તો પણ પુત્રીઓને પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ શાયર શ્રી રાહત ઈન્દોરીનું નિધન

- 'સભી કા ખૂન હૈ શાલિમ યહાં કી મીટ્ટીમેં,
  કિસી કે બાપ કા હિન્દુસ્તાન થોડી હૈ'.
- 'અફવાહ થી કી મેરી તબિયત ખરાબ હૈ,
  લોગો ને પૂછ પૂછ કે બીમાર કર દિયા'.
- 'કયા ખરીદોગે, યે બાજાર બહુત મહંગા હૈ,
  પ્યાર કી જિદ ન કરો, પ્યાર બહુત મહંગા હૈ'.
- 'શાખોં સે ટૂટ જાયેં
  વો પત્તે નહીં હૈ હમ,
  આંધી સે કોઈ કહ દે,
  કિ ઔકાત મેં રહે'.
- 'ઉંગલિયા યૂં ન સબ પર ઉઠાયા કરો
  ખર્ચ કરને સે પહલે કમાયા કરો,
  જિન્દગી કયા હૈ ખુદ હી સમઝ જાઓગે
  બારિશોં મેં પતંગે ઉડાયા કરો...'

– શ્રી રાહત ઈન્દોરી



ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ શાયર તથા હિન્દી ફિલ્મોના ગીતકાર શ્રી રાહત ઈન્દોરીનું મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે 11 ઓગસ્ટ 2020ના રોજ 70 વર્ષની વયે નિધન થયું છે.

- 1 જાન્યુઆરી 1950ના રોજ ભારતમાં મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમનું મૂળનામ શ્રી રાહત રફતુલ્લાહ કુરૈશી હતું. જોકે તેઓ 'શ્રી રાહત ઈન્દોરી' તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- તેઓ મધ્યપ્રદેશના ઈન્દોરની દેવી અહલ્યા યુનિવર્સિટીમાં ઉર્દૂ સાહિત્યના પ્રોફેસર પણ રહયા હતા.
- તેઓ એક સારા પેઈન્ટર (ચિત્રકાર) પણ હતા.

## શ્રી રાહત ઈન્દોરીએ લખેલા પ્રસિદ્ધ હિન્દી ગીતો

(1) નીંદ ચુરાઈ મેરી કિસને ઓ સનમ તૂને (ઈશ્ક)

(2) બુમ્બરો બુમ્બરો શ્યામ રંગ બુમ્બરો (મિશન કશ્મીર)

(3) તુમસા કોઈ પ્યારા કોઈ માસૂમ નહીં હૈ (ખુદ્દાર)

(4) એમ બોલે તો મુન્નાભાઈ MBBS (મુન્નાભાઈ MBBS)

(5) ચોરી ચોરી જબ નજરેં મિલી (કરીબ)

**નોંધ :** (1) શ્રી રાહત ઈન્દોરીના પ્રસિદ્ધ પુસ્તકોમાં ઋતુ, મેરે બાદ, ધૂપ બહુત હૈ, ચાંદ પાગલ હૈ, મૌજૂદ, નારાઝ વગેરેનો સમાવેશ થાય છે.

(2) શ્રી રાહત ઈન્દોરીના નિધન અગાઉ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો.



ICE Questions

1. ઓગસ્ટ 2020 દરમિયાન કયા દેશે કોરોનાની વિશ્વની પ્રથમ વેકસીન બનાવી લીધી હોવાની જાહેરાત કરી છે ?
(A) રશિયા (B) અમેરિકા (C) ચીન (D) બ્રિટન **(A)**

2. રશિયા દ્વારા વિકસાવવામાં આવેલી કોરોનાની વિશ્વની પ્રથમ વેકસીનનું નામ શું છે ?
(A) સેલ્યુટ-5 (B) સ્પેક્ટ્ર-5 (C) સ્પુટનિક-5 (D) પ્રિસિયસ-5 **(C)**

3. રશિયાની કઈ સંસ્થા દ્વારા કોરાનાની વિશ્વની પ્રથમ વેકસીન બનાવવામાં આવી છે ?
(A) ગામાલેયા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (B) લામામેયા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
(C) રામાલેયા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (D) માગાલેયા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ **(A)**

4. સુપ્રીમ કોર્ટની કેટલા સભ્યોની બેન્ચે હિંદુ પરિવાર ઉત્તરાધિકાર એકટમાં થયેલા સંશોધનના સંદર્ભમાં ચુકાદો આપતા જણાવ્યું છે કે આ સુધારા અગાઉ પણ જો પિતાનું મૃત્યુ થઈ ગયું હોય તો પણ પુત્રીને પિતૃક સંપત્તિમાં સમાન અધિકાર મળશે ?
(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) નવ **(A)**

5. સુપ્રીમ કોર્ટની કોની અધ્યક્ષતામાં બનેલી બેન્ચે હિંદુ પરિવાર ઉત્તરાધિકાર એકટમાં થયેલા સંશોધનના સંદર્ભમાં ચુકાદો આપતા જણાવ્યું છે કે આ સુધારા અગાઉ પણ જો પિતાનું મૃત્યુ થઈ ગયું હોય તો પણ પુત્રીને પિતૃક સંપત્તિમાં સમાન અધિકાર મળશે ?
(A) જસ્ટિસ શરદ બોબડે (B) જસ્ટિસ એસ. નઝિર
(C) જસ્ટિસ એમ. આર. શાહ (D) જસ્ટિસ અરૂણ મિશ્રા **(D)**

6. હિંદુ પરિવાર ઉત્તરાધિકાર એકટ, 1956માં કયા વર્ષે સંશોધન કરીને તેમાં પુત્રીઓને પિતાની સંપત્તિમાં સમાન અધિકાર આપવાની જોગવાઈ કરવામાં આવી હતી ?
(A) 2002 (B) 2005 (C) 2007 (D) 2009 **(B)**

7. ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ શાયર શ્રી રાહત ઈન્દોરીનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) દિલ્હી (B) બિહાર (C) મહારાષ્ટ્ર (D) મધ્યપ્રદેશ **(D)**

8. ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ શાયર શ્રી રાહત ઈન્દોરીનું નિધન થયું છે...તેમનું મૂળ નામ શું હતું ?
(A) શ્રી રાહત હસન (B) શ્રી રાહત હૂસૈન
(C) શ્રી રાહત કુરૈશી (D) શ્રી રાહત ખેડાવાલા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 'કિસી કે બાપ કા હિન્દુસ્તાન થોડી હૈ' એવું કહેનાર ભારતના કયા પ્રસિદ્ધ ઉર્દૂ શાયરનું ઓગસ્ટ 2020 દરમિયાન નિધન થયું છે ?
(A) શ્રી અલતાફ હુસૈન (B) શ્રી કાદર અજમેરી
(C) શ્રી રાહત ઈન્દોરી (D) શ્રી મકબૂલ 'સિકંદર' **(C)**

10. પ્રસિદ્ધ ઉર્દૂ શાયર શ્રી રાહત ઈન્દોરીનું ભારતના કયા શહેરમાં નિધન થયું છે ?
(A) દિલ્હી (B) લખનૌ (C) ઈન્દોર (D) ભોપાલ **(C)**

11. તાજેતરમાં શ્રી રાહત ઈન્દોરીનું નિધન થયું છે...તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) સાહિત્ય (B) ફિલ્મ (C) ચિત્ર (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

## 15 AUGUST, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 15 ઓગસ્ટ 2020, ભારતનો 74મો સ્વાતંત્ર્ય દિન

15 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે તિરંગો લહેરાવીને સલામી આપી હતી.

### 74મા સ્વાતંત્ર્ય દિનની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

15 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાતંત્ર્ય પર્વે સતત સાતમી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'National Digital Health Mission' (રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન) શરૂ કરવાની જાહેરાત કરી હતી.

## National Digital Health Missionની વિશેષતા

ભારતના નાગરિકોની આરોગ્ય સેવામાં આમૂલ પરિવર્તન લાવવા માટે તેમજ તેમને વધુ સારી આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવી શકાય તે માટે ભારતમાં આ 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ મિશન અંતર્ગત ભારતના તમામ નાગરિકોને એક Digital health ID Card ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ભારતના દરેક નાગરિકને આપવામાં આવનાર આ યુનિક હેલ્થ આઈડી કાર્ડમાં તેના આરોગ્ય અંગેની તમામ જાણકારીનો સમાવેશ કરવામાં આવશે.
- આ કાર્ડ એક હેલ્થ અકાઉન્ટ તરીકે કાર્ય કરશે.
- 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' અંતર્ગત મુખ્યત્વે નીચેની 6 સુવિધાઓ દ્વારા ભારતમાં આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં આવશે :

(1) હેલ્થ આઈડી (Health ID)
(2) ડિજીડોક્ટર (DigiDoctor)
(3) આરોગ્ય સંભાળ રજિસ્ટ્રી (Health Facility Registry)
(4) વ્યક્તિ આરોગ્ય રેકોર્ડ (Personal Health Records)
(5) ઈ–ફાર્મસી (e-Pharmacy)
(6) ટેલીમેડિસિન (Telemedicine)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગામી 1000 દિવસમાં ભારતના 6 લાખથી વધુ ગામોમાં Optical Fibre Networkનું કાર્ય પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી.

(2) આ ઉપરાંત તેમણે ભારતમાં નવી સાઈબર સુરક્ષા નીતિ લાગુ કરવાની પણ જાહેરાત કરી હતી.

(3) ભારતમાં સિંહ તથા ડોલ્ફિનના સંરક્ષણ માટે Project Lion અને Project Dolphine શરૂ કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી.

(4) ભારતના લગભગ 173 જેટલા સરહદી અથવા તો સમુદ્ર કિનારા સાથે જોડાયેલા જિલ્લાઓમાં બોર્ડર એરિયાના 1 લાખ જેટલા NCC Cadets તૈયાર કરવાની પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી.

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' નામની નવી ઈન્કમ ટેક્સ વ્યવસ્થા લોન્ચ

13 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' (Transparent Taxation - Honouring the Honest) નામના એક પ્લેટફોર્મ અથવા તો પોર્ટલનો શુભારંભ કરાવ્યો છે.

- આ સાથે જ ભારતમાં ઈન્કમટેક્સ માટેની નવી વ્યવસ્થાનો પ્રારંભ થઈ ગયો છે.
- આ નવી સિસ્ટમમાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :
  (1) ફેસલેસ અપીલ
  (2) ફેસલેસ એસેસમેન્ટ અને
  (3) ટેક્સપેયર્સ ચાર્ટર

જેમાંથી ફેસલેસ એસેસમેન્ટ અને ટેક્સપેયર્સ ચાર્ટરનો પ્રારંભ 13 ઓગસ્ટ 2020થી થઈ ગયો છે.

- જ્યારે ફેસલેસ અપીલનો પ્રારંભ 25 સપ્ટેમ્બર 2020ને શ્રી પંડિત દીન દયાળ ઉપાધ્યાયજીના જન્મ દિવસથી થશે.

### ફેસલેસ અપીલ

આ સિસ્ટમ અંતર્ગત કરદાતાએ હવે આવકવેરા કચેરીની અથવા આવકવેરા અધિકારીની મુલાકાત લેવાની રહેશે નહિ.

- આ ઉપરાંત કરદાતાની અપીલની કાર્યવાહી દેશના કોઈપણ અધિકારીને સોંપવામાં આવશે.
- અત્યાર સુધી શહેરના IT અધિકારીઓ દ્વારા અપીલ પર કાર્યવાહી કરવામાં આવતી હતી.
- જોકે, હવે નવી સિસ્ટમ અંતર્ગત IT અધિકારી અને કરદાતા કયારેય સામસામે આવશે નહિ.
- પરિણામે ટેક્સની ચૂકવણીમાં પારદર્શકતા વધશે અને ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.

### ફેસલેસ એસેસમેન્ટ

આ યોજના દ્વારા કરદાતા અને આવકવેરા વિભાગ વચ્ચેનો સંપર્ક જ નાબૂદ કરી નાખવામાં આવશે.

- આ અંતર્ગત એનાલિટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરીને ફક્ત સિસ્ટમ દ્વારા જ કરદાતાની પસંદગી કરી શકાશે.
- ચોક્કસ શહેરના કરદાતાનું એસેસમેન્ટ અને રિવ્યૂ દેશના અલગ અલગ શહેરોમાં હાથ ધરાશે.
- ઉચ્ચક આધારે અધિકારીઓને કેસ એલોટ કરાશે. અને અંતિમ નિર્ણય અધિકારીઓની ટીમ આધારિત રહેશે અને તેની સમીક્ષા પણ કરી શકાશે.

- ચીફ કમિશનર અથવા તો **<u>તેનાથી વરિષ્ઠ અધિકારી</u>**ની મંજૂરી પછી જ ઈન્વેસ્ટિગેશન અને TDS વિંગ પગલાં લઈ શકશે.


## ટેક્સપેયર્સ ચાર્ટર

ટેક્સપેયર્સ ચાર્ટર એ એક એવી યાદી છે કે, જેમાં **<u>કરદાતાના અધિકાર અને કર્તવ્યનો ઉલ્લેખ</u>** હોય.

- ભારતમાં આ ચાર્ટર દ્વારા આવકવેરા અધિકારીઓ માટે દિશાનિર્દેશો જારી કરવામાં આવ્યા છે.
- તેમાં કરદાતાની મુશ્કેલીઓ ઘટાડવાની અને અધિકારીઓની જવાબદારી વધારવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- હાલ **<u>અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા</u>** જેવા વિશ્વના દેશોમાં ટેક્સપેયર્સ ચાર્ટર અમલમાં છે.

**નોંધ :** આ નવી કરવ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં કરવ્યવસ્થાને નિર્બાધ, પીડારહિત અને ઓળખવિહીન બનાવવાનો છે. જેનાથી કરદાતાઓને પારદર્શકતા અને ભયમુકતતાનો અનુભવ થાય.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

1. 15 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેટલામા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 72મા (B) 73મા (C) 74મા (D) 75મા **(C)**

2. 15 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કયાંથી તિરંગો લહેરાવ્યો હતો ?
   (A) ગાંધીનગર (B) રાજકોટ (C) અમદાવાદ (D) સુરત **(A)**

3. 15 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કયા મિશનનો શુભારંભ કરાવ્યો છે ?
   (A) નેશનલ હેલ્થ મિશન (B) નેશનલ ફિઝિકલ હેલ્થ મિશન
   (C) નેશનલ મેન્ટલ હેલ્થ મિશન (D) નેશનલ ડિજિટલ હેલ્થ મિશન **(D)**

4. 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' અંતર્ગત ભારતમાં નાગરિકોને નીચેનામાંથી કઈ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
   (A) હેલ્થ આઈડી (B) ડિજીડોક્ટર
   (C) વ્યક્તિગત આરોગ્ય રેકોર્ડ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. 15 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં આગામી કેટલા દિવસમાં દેશના 6 લાખથી વધુ ગામોમાં 'ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક'નું કાર્ય પૂર્ણ કરવાની જાહેરાત કરી છે ?
   (A) 500 (B) 800 (C) 1000 (D) 1500 **(C)**

6. 15 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કયો/કયા પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી છે ?
   1. પ્રોજેક્ટ ટાઈગર
   2. પ્રોજેક્ટ લાયન
   3. પ્રોજેક્ટ એલિફન્ટ
   4. પ્રોજેક્ટ ડોલ્ફિન

   Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 4 (C) 2, 4 (D) 1, 3 **(C)**

7. 15 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના લગભગ 173 જેટલા સરહદી અથવા તો સમુદ્ર કિનારાના જિલ્લાઓમાં બોર્ડર એરિયાના કેટલા NCC કેડેટ્સ તૈયાર કરવાની જાહેરાત કરી છે ?
   (A) 50,000 (B) 1 લાખ (C) 2 લાખ (D) 3 લાખ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8.** **13 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં નવી કરવ્યવસ્થા માટે કયું પોર્ટલ અથવા તો પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે ?**

(A) પારદર્શક કરવ્યવસ્થા – પ્રમાણિકોનું સન્માન

(B) ડિજિટલ કરવ્યવસ્થા – પ્રમાણિકોનું સન્માન

(C) પ્રગતિશીલ કરવ્યવસ્થા – પ્રમાણિકોનું સન્માન

(D) પ્રાયોગિક કરવ્યવસ્થા – પ્રમાણિકોનું સન્માન **(A)**

**9.** **ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં લોન્ચ કરેલી નવી 'પારદર્શક કરવ્યવસ્થા – પ્રમાણિકોનું સન્માન'માં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થાય છે ?**

(A) ફેસલેસ અપીલ

(B) ફેસલેસ એસેસમેન્ટ

(C) ટેક્સપેયર્સ ચાર્ટર

(D) ઉપરોક્ત તમામ **(D)**



# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના નવા પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ તરીકે શ્રી અમિત જૈનની નિમણૂક

મુંબઈમાં ફરજ બજાવી રહેલા સિનિયર IRS અધિકારી શ્રી અમિત જૈનની ગુજરાતના નવા પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ (PCCIT) તરીકે અમદાવાદમાં બદલી કરવામાં આવી છે. શ્રી અમિત જૈન શ્રી પ્રીતમ સિંઘનું સ્થાન લેશે. જ્યારે ગુજરાતના પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ શ્રી પ્રીતમ સિંઘની ઉત્તરપ્રદેશમાં બદલી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ કેરળના ઈડુક્કી જિલ્લાના રાજામલાઈમાં ભૂસ્ખલનથી 54 લોકોના મોત

ઓગસ્ટ 2020 દરમિયાન ભારતમાં કેરળના ઈડુક્કી જિલ્લાના રાજામલાઈમાં થયેલા ભૂસ્ખલનને કારણે 54 લોકોના મોત થયા છે. કેરળના રાજામલાઈમાં છેલ્લા ચાર દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે આ ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં દટાઈ જતાં 54 લોકોના મોત થયા છે.

## વિશ્વ

### ➤ ઈઝરાયેલ અને UAE વચ્ચે ઐતિહાસિક શાંતિ કરાર કરવામાં આવ્યા

મીડલ ઈસ્ટના બે દેશો **ઈઝરાયેલ અને યુનાઈટેડ આરબ અમિરાત (UAE)** વચ્ચે ઐતિહાસિક **શાંતિ કરાર** કરવામાં આવ્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન **શ્રી બેન્જામિન નેતન્યાહૂ** અને અબુધાબીના ક્રાઉન પ્રિન્સ **શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદે** એક સંયુકત નિવદેનમાં આ શાંતિ કરારની જાહેરાત કરી હતી. આ સાથે જ હવે ઈઝરાયેલ અને UAE વચ્ચેના રાજદ્વારી સંબંધો સુધારવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ**ની મધ્યસ્થીથી ઈઝરાયેલ અને UAE વચ્ચે આ શાંતિ કરાર થયા છે.

### ➤ સુશ્રી કમલા હેરિસ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ થયેલા ભારતીય મૂળના પ્રથમ મહિલા બન્યા

નવેમ્બર 2020 દરમિયાન યોજાનાર **અમેરિકા**ની રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે અમેરિકાની **ડેમોક્રેટિક પાર્ટી**એ **ઉપરાષ્ટ્રપતિ** પદના ઉમેદવાર તરીકે ભારતીય મૂળના **સુશ્રી કમલા હેરિસ**ની પસંદગી કરી છે. આ સાથે જ **સુશ્રી કમલા હેરિસ** અમેરિકામાં ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ થયેલા **ભારતીય મૂળના પ્રથમ મહિલા** તેમજ **પ્રથમ અશ્વેત મહિલા** બની ગયા છે. **અમેરિકાના કેલિફોર્નિયા**ના **ઓકલેન્ડ**માં જન્મેલા સુશ્રી કમલા હેરિસના માતા **સુશ્રી શ્યામલા ગોપાલન**નો જન્મ **ભારત**ના **તમિલનાડુ**માં થયો હતો.

### ➤ શ્રીલંકાના વડાપ્રધાન પદે શ્રી મહિંદા રાજપક્ષેના શપથ

તાજેતરમાં **શ્રી મહિંદા રાજપક્ષે**એ **શ્રીલંકા**ના વડાપ્રધાન પદે શપથ લીધા છે. શ્રી મહિંદા રાજપક્ષેને તેમના નાના ભાઈ અને શ્રીલંકાના વર્તમાન રાષ્ટ્રપતિ **શ્રી ગોતાબાયા રાજપક્ષે**એ વડાપ્રધાન પદના આ શપથ અપાવ્યા હતા. 5 ઓગસ્ટ 2020ના રોજ શ્રીલંકામાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં શ્રી મહિંદા રાજપક્ષેની પાર્ટીને ભારે બહુમતિ મળી હતી. શ્રી મહિંદા રાજપક્ષેની પાર્ટીનું નામ **'શ્રીલંકા પોડુજાના પેરામુના'** છે. તેને **'શ્રીલંકા પિપલ્સ ફ્રન્ટ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

- ગુજરાતના નવા પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ (PCCIT) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અમિત જૈન
- ભારતના કયા રાજ્યના રાજામલાઈમાં થયેલા ભૂસ્ખલનથી 54 લોકોના મોત થયા છે ? – કેરળ
- ભારતના કેરળના કયા જિલ્લામાં થયેલા ભૂસ્ખલનથી 54 લોકોના મોત થયા છે ? – ઈડુક્કી
- તાજેતરમાં મિડલ ઈસ્ટના કયા બે દેશો વચ્ચે ઐતિહાસિક શાંતિ કરાર થયા છે ? – ઈઝરાયેલ અને UAE
- અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ થયેલા ભારતીય મૂળના પ્રથમ મહિલા કોણ છે ? – સુશ્રી કમલા હેરિસ
- અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ થયેલા પ્રથમ અશ્વેત મહિલા કોણ છે ? – સુશ્રી કમલા હેરિસ
- અમેરિકાના કયા પક્ષે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે સુશ્રી હમલા હેરિસની પસંદગી કરી છે ? – ડેમોક્રેટિક પાર્ટી
- ઓગસ્ટ 2020 દરમિયાન શ્રીલંકાના વડાપ્રધાન પદે કોણે શપથ લીધા છે ? – શ્રી મહિંદા રાજપક્ષે
- 5 ઓગસ્ટ 2020ના રોજ શ્રીલંકામાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં શ્રીલંકાના વડાપ્રધાન શ્રી મહિંદા રાજપક્ષેની કઈ પાર્ટીને ભારે બહુમતિ મળી હતી ? – શ્રીલંકા પોડુજાના પેરામુના અથવા તો શ્રીલંકા પિપલ્સ ફ્રન્ટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' તેમજ 'કહાની ઘર ઘર કી' જેવી લોકપ્રિય ટીવી સિરિયલોમાં કામ કરનાર કયા ટીવી એક્ટરે આત્મહત્યા કરી લીધી છે ? – શ્રી સમીર શર્મા
(દિલ્હીમાં જન્મેલા શ્રી સમીર શર્માએ 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી', 'કહાની ઘર ઘર કી', 'દિલ કયા ચાહતા હૈ', 'લેફ્ટ રાઈટ લેફ્ટ', 'જ્યોતિ', 'આયુષ્માન ભવ', 'યે રિસ્તે હૈ પ્યાર કે' જેવી ટીવી સિરિયલો તથા 'હસી તો ફસી', અને 'ઈત્તેફાક' જેવી હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યો હતો.)
2. ટીવી એક્ટર શ્રી સમીર શર્માએ તાજેતરમાં આત્મહત્યા કરી લીધી છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ? – દિલ્હી
3. ભારતમાં નાવિકો માટે નવી દિલ્હી ખાતેથી કોના દ્વારા 'ઓનલાઈન એક્ઝિટ એક્ઝામિનેશન સિસ્ટમ' લોન્ચ કરવામાં આવી છે ? – શ્રી મનસુખ માંડવિયા
(ભારતમાં વિવિધ દરિયાઈ તાલીમ સંસ્થાઓમાં તાલીમ લઈ રહેલા નાવિકો ઘેર બેઠા જ પરીક્ષા આપી શકે તે માટે આ સિસ્ટમ લોન્ચ કરવામાં આવી છે. COVID-19 મહામારી દરમિયાન નાવિકો માટે આવી સિસ્ટમ લોન્ચ કરનાર ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે.)
4. COVID-19 મહામારી દરમિયાન ભારતમાં નાવિકો ઘેર બેઠા જ પરીક્ષા આપી શકે તે માટે કેન્દ્ર સરકારે કઈ સિસ્ટમ લોન્ચ કરી છે ? –Online Exit Examination
5. તાજેતરમાં ભારતમાં થયેલા વ્યાપક વિરોધને કારણે ભારતની પ્રો કબડ્ડી લીગ (PKL) તથા ટીવી સિરિયલ બિગ બોસની ટાઈટલ સ્પોન્સરશિપમાંથી ચીનની કઈ કંપનીએ હટી જવાનો નિર્ણય કર્યો છે ? – Vivo
6. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે ચીનની કઈ બે મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકી દીધો છે ? – ટિકટોક (Tik Tok) અને વી ચેટ (V Chat)
(અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે ચીનની મોબાઈલ એપ ટિકટોક અને વી ચેટના માલિકો સાથે આર્થિક વ્યવહારો કરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. અને આ બંને એપ 45

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસમાં અમેરિકી કંપનીઓને વેચી દેવાનું અલ્ટિમેટમ આપ્યું છે.)

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ મોબાઈલ એપ ટિકટોક (Tik Tok) ચીનની કઈ કંપનીની એક પ્રોડકટ છે ? – બાઈટડાન્સ લિમિટેડ (ByteDance Ltd.)

(આ કંપનીના સ્થાપક ઝેંગ યિમિંગ છે. તેની સ્થાપના 2012માં થઈ હતી. તેનું વડુંમથક ચીનના બેઈજિંગ ખાતે આવેલું છે.)

8. કયા દેશ દ્વારા ઈઝરાયેલનો બહિષ્કાર કરવા માટેનો 48 વર્ષ જૂનો કાયદો રદ કરવામાં આવ્યો છે ? –યુનાઈટેડ આરબ અમિરાત (UAE)

(ઈઝરાયેલ અને UAE વચ્ચે નવા સ્થપાયેલા મૈત્રી સંબંધોને કારણે આ નિર્ણય કરવામાં આવ્યો છે.)

9. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેરળના કોઝિકોડમાં કારિપુર એરપોર્ટના કયા પ્રકારના રન વે પર એર ઈન્ડિયાના બોઈંગ 737 વિમાનનો અકસ્માત થયો હતો ? – ટેબલટોપ રન વે

10. 10 ઓગસ્ટ 2020ના રોજ કયા દેશના વડાપ્રધાન સહિત તે દેશની આખી સરકારે રાજીનામું આપી દીધું હતું ? – લેબોનોન

(લેબેનોનની રાજધાની બૈરુતમાં થયેલા પ્રચંડ વિસ્ફોટ બાદ દેશમાં ચાલી રહેલા જનઆક્રોશને કારણે લેબેનોનના વડાપ્રધાન શ્રી હસન દિઆબ સહિત આખી સરકારે રાજીનામું આપવું પડયું હતું.)

11. ફોર્ચ્યુનની વર્ષ 2020ની વૈશ્વિક 500 કંપનીઓની યાદીમાં ભારતની કઈ એકમાત્ર કંપનીએ ટોપ–100માં સ્થાન મેળવ્યું છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

(આ યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને 96મું સ્થાન મળ્યું છે.)

12. ભારતમાં કયાં સુધી વેચાયેલા BS-4 વાહનોના રજીસ્ટ્રેશનને સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી છે ? – 31 માર્ચ 2020

(ભારતમાં 1 એપ્રિલ 2020થી BS-6 નિયમો લાગુ થઈ ગયા છે. આથી, લોકડાઉનને કારણે જેનું કાયમી રજીસ્ટ્રેશન થઈ શકયું ન હતું તેવા 31 માર્ચ 2020 સુધી વેચાયેલા BS-4 વાહનોના કાયમી રજીસ્ટ્રેશનની સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી છે.)

13. તાજેતરમાં ભારતના કયા શહેરમાં રૂપિયા 1100 કરોડના ઓનલાઈન ગેમ્બલિંગ કૌભાંડનો પર્દાફાશ થયો છે ? – હૈદરાબાદ

(આ કેસમાં એક ચીની નાગરિક સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કંપની

INSTITUTE FOR COMPETITIVE EXAMS

કલરની ધારણા સંબંધિત ઓનલાઈન જુગાર રમાડતી હતી.)

14. 14 ઓગસ્ટ 2020ના રોજ ભારતના કયા રાજ્યની સરકારે વિશ્વાસ મત હાંસલ કરી લેતા એ રાજ્યમાં છેલ્લા 1 મહિનાથી ચાલી આવતી રાજકીય કટોકટીનો અંત આવ્યો છે ?

– રાજસ્થાન

15. 14 ઓગસ્ટ, 2020ના રોજ RBI દ્વારા હિસાબી વર્ષ 2019-20 માટે કેન્દ્ર સરકારને કેટલા રૂપિયાનું ડિવિડન્ડ આપવાની મંજૂરી આપવામાં આવી છે ?

– રૂ. 57,158 કરોડ

(RBI Act 1934 અનુસાર રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને થતો નફો તે કેન્દ્ર સરકારે સોંપી દે છે. કોઈ એક નાણાકીય વર્ષમાં RBIને થતો નફો 'સરપ્લસ' અથવા તો 'ડિવિડન્ડ' તરીકે ઓળખાય છે. ભારતમાં RBIનું નાણાકીય વર્ષ 1 જુલાઈથી 30 જૂન સુધીનું હોય છે.)

16. ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશની સરકારે પ્રદૂષણમાં ઘટાડો કરવા માટે નવી 'ઈલેકટ્રીકલ વ્હીકલ પોલિસી'ની જાહેરાત કરી છે ? – દિલ્હી

(આ પોલિસી અનુસાર દિલ્હીમાં વર્ષ 2024 સુધીમાં ઈલેકટ્રીક વાહનનો હિસ્સો વધારીને 25 ટકા કરવાનું લક્ષ્યાંક છે. જે હાલ માત્ર 0.29 ટકા છે. આ માટે આ નવી પોલિસીમાં નવી ઈલેકટ્રીક કારની ખરીદી પર રૂ. 1.5 લાખ સુધીની પ્રોત્સાહન રકમ આપવાની જાહેરાત કરવામાં આવી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. 8 ઓગસ્ટ 2020ના રોજ ભારતના કયા રાજ્યના વિજયવાડામાં આવેલા એક કોવિડ કેર સેન્ટરમાં આગ લાગતા 10 લોકોના મોત થયા હતા ? – આંધ્રપ્રદેશ

18. 9 ઓગસ્ટ 2020ના રોજ ભારતના રેલવે મંત્રી શ્રી પીયૂષ ગોયલે ભારતના કયા શહેરમાં રેલવે મ્યુઝિયમનું લોકાર્પણ કરાવ્યું છે ? – હુબલી (કર્ણાટક)

(કર્ણાટકના હુબલી ખાતે નિર્માણ પામેલા આ 'રેલવે સંગ્રહાલય'નું શ્રી પીયૂષ ગોયલે નવી નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા લોકાર્પણ કર્યું હતું.)

19. 10 ઓગસ્ટ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા પ્રદેશમાં ઝડપી મોબાઈલ અને ટેલિકોમ તથા ઈન્ટરનેટ સેવા ઉપલબ્ધ કરાવવા માટે 'સબમરીન કેબલ કનેકટીવિટી'નું ઉદઘાટન કર્યું છે ? – આંદમાન અને નિકોબાર

(ચેન્નાઈ અને પોર્ટબ્લેર તેમજ અન્ય 7 ટાપુઓ વચ્ચે 2300 કિમી લંબાઈનો સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કેબલ નાખીને આંદમાન અને નિકોબારના વિવિધ ટાપુઓ પર આ ઝડપી મોબાઈલ તથા ટેલિકોમ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.)

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT